


ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 112
Dt.: 01-01-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


# બે સ્વદેશી મિસાઈલનું એકસાથે સફળતાપૂર્વક પરીક્ષણ કરાયું



## ડીઆરડીઓએ એક જ લોન્ચરથી ખૂબ જ ઓછા સમયના અંતરે એક પછી એક બે પ્રલય મિસાઈલો છોડી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વર્ષના છેલ્લા દિવસે ભારતે ડબલ ધમાકો કર્યો છે. રક્ષા અનુસંધાન અને વિકાસ સંગઠન (DRDO)એ પોતાની તાકાત બતાવતા સ્વદેશી રીતે વિકસિત પ્રલય મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે. આ કોઈ સાધારણ પરીક્ષણ નહોતું, પણ એક સાલ્વો લોન્ચ હતું, જેણે દુશ્મનોની છાવણીમાં ખળભળાટ મચાવી દીધો છે. ઓડિશાના તટ પર ડો. એપીજે અબ્દુલ કલામ દ્વીપથી લગભગ ૧૦.૩૦ કલાકે ભારતે આ કામ કરી બતાવ્યું છે. ડીઆરડીઓએ એક જ લોન્ચરથી ખૂબ જ ઓછા સમયના અંતરે એક પછી એક બે પ્રલય મિસાઈલો છોડી છે. બંને મિસાઈલોએ પોતાના નિશ્ચિત રસ્તાનું અનુસરણ કર્યું અને મિશનના તમામ ઉદ્દેશ્યો પૂરા કર્યા.

રક્ષા નિષ્ણાંતોની વાત માનીએ તો સાલ્વો લોન્ચનો મતલબ થાય છે, એક સાથે અથવા ખૂબ જ ઓછા અંતર પર કેટલાય હથિયારોનો હુમલો. આ પરીક્ષણમાં ડીઆરડીઓએ એક જ મોબાઈલ લોન્ચરથી બે મિસાઈલો બેક-ટુ-બેક ફાયર કરી. યુદ્ધની સ્થિતિમાં આ ટેકનિક ગેમ ચેન્જર સાબિત થાય છે. જ્યારે દુશ્મન તરફથી એક સાથે બે અથવા તેનાથી વધારે મિસાઈલ એક જ ટાર્ગેટ અથવા અલગ અલગ ટાર્ગેટ તરફ વધે છે, તો દુશ્મનની એર ડિફેન્સ સિસ્ટમ માટે એક સાથે તેને રોકવું લગભગ અશક્ય થઈ જાય છે. જો દુશ્મન એક મિસાઈલને રોકવાની કોશિશ કરે તો બીજી મિસાઈલ પોતાનું કામ કરી નાખે છે. પ્રલયનો આ ડબલ એટેક દુશ્મનની છાવણીઓ, એરબેસ અને રણનીતિક ઠેકાણાને પળવારમાં તબાહ કરવાની ક્ષમતા ધરાવે છે.

પ્રલય મિસાઈલ ભારતની આત્મનિર્ભરતાનું એક શાનદાર ઉદાહરણ છે. આ સંપૂર્ણપણે સ્વદેશી ટેકનિક પર આધારિત છે. તેની મુખ્ય ખાસિયત તેને દુનિયાની શાનદાર મિસાઈલોની કતારમાં રાખે છે. ક્વાસી-બેલિસ્ટિક મિસાઈલ : પ્રલય એક ક્વાસી-બેલિસ્ટિક મિસાઈલ છે. સરળ ભાષામાં કહીએ તો સામાન્ય બેલિસ્ટિક મિસાઈલો એક નિશ્ચિત માર્ગ પર જતી હોય છે, જેને દુશ્મનના રડારથી શોધવી સરળ હોય છે. પરંતુ પ્રલય જેવી ક્વાસી-બેલિસ્ટિક મિસાઈલ પોતાની ઉડાન દરમિયાન માર્ગ બદલી શકે છે. એટલે અંતિમ ક્ષણે દુશ્મનને ચકમો આપી શકે છે અને તેને નષ્ટ કરી શકે છે.

આવી મિસાઈલને ઈન્ટરસેપ્ટ કરવી કે હવામાં જ તોડી નાંખવી ખૂબ જ મુશ્કેલ છે.

સોલિડ પ્રોપેલેન્ટ : આ મિસાઈલમાં સોલિડ પ્રોપેલેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. યુદ્ધના મેદાનમાં લિક્વિડ ફ્યુઅલ વાળી મિસાઈલને ભરવામાં સમય લાગે છે, જ્યારે સોલિડ ફ્યુઅલ વાળી મિસાઈલ રેડી-ટુ-ફાયર સ્થિતિમાં હોય છે. એટલે તેને ખૂબ જ ઓછા સમયમાં લોન્ચ કરી શકાય છે, જે આક્રમક કાર્યવાહી માટે ખૂબ જ જરૂરી છે.

અચૂક નિશાન : પ્રલય મિસાઈલ અદ્યતન નેવિગેશન અને ગાઈડન્સ સિસ્ટમથી સજ્જ છે. તેમાં લાગેલા સેન્સર્સ અને કમ્પ્યુટર્સ તેને એકદમ ચોક્કસ નિશાન પર પહોંચવામાં મદદ કરે છે. ઓડિશા કિનારે થયેલા ટેસ્ટમાં ટ્રેકિંગ સેન્સર્સ અને ઈમ્પેક્ટ પોઈન્ટ પાસે રહેલા જહાજોએ પુષ્ટિ કરી છે કે મિસાઈલોએ પોતાના લક્ષ્યને એકદમ ચોક્કસ રીતે ભેદ્યું છે.

વિવિધ વોરહેડ લઈ જવાની ક્ષમતા: આ મિસાઈલ જરૂરિયાત પ્રમાણે અલગ-અલગ પ્રકારના હથિયાર લઈ જઈ શકે છે. દુશ્મનનું ઠેકાણું કંક્રીટના બંકરમાં હોય કે ખુલ્લા મેદાનમાં તૈનાત સેના હોય, પ્રલય દરેક પ્રકારના લક્ષ્યને તબાહ કરી શકે છે.

આ પરીક્ષણ યૂઝર ઈવૈલ્યૂએશન ટ્રાયલ્સનો ભાગ હતો. તેનો મતલબ એ છે કે મિસાઈલનો વિકાસ પૂરો થઈ ચૂક્યો છે અને હવે સેના તેની પોતાની કસોટી પર પરખી રહી છે, જેથી તેને ઔપચારિક રીતે બેડામાં સામેલ કરી શકાય.

આ ઐતિહાસિક પરીક્ષણની સાક્ષી ખુદ ભારતીય વાયુસેના અને ભારતીય સેનાના પ્રતિનિધિ બન્યા. ડીઆરડીઓના અધ્યક્ષ ડો. સમીર વી. કામતે કહ્યું કે આ સફળતા દર્શાવે છે કે આ સિસ્ટમ હવે યુઝર્સ પાસે ઈંડક્શન માટે સંપૂર્ણપણે તૈયાર છે.

### વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા મામલો

# બાંગ્લાદેશનો દાવો જૂઠ્ઠો: વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીનો હત્યારો દુબઈમાં દેખાયો

## દાવો કરવામાં આવ્યો હતો કે, તે ભારતમાં છુપાયો છે પરંતુ હવે જે અહેવાલ સામે આવ્યા છે તે પ્રમાણે તે દુબઈમાં છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં ચર્ચિત વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા મામલે એક એવો સનસનીખેજ વળાંક આવ્યો છે, જેણે બાંગ્લાદેશની સુરક્ષા એજન્સીઓના દાવા પર સવાલ ઊભા કરી દીધા છે. આ હત્યાકાંડનો મુખ્ય આરોપી અને બાંગ્લાદેશનો મોસ્ટ વોન્ટેડ અપરાધી ફેઝલ કરીમ મસૂદના ઠેકાણા વિશે માહિતી મળી ગઈ છે. બાંગ્લાદેશ દ્વારા પહેલા દાવો કરવામાં આવ્યો હતો કે, તે ભારતમાં છુપાયો છે પરંતુ હવે જે અહેવાલ સામે આવ્યા છે તે પ્રમાણે તે દુબઈમાં છે.

ગત દિવસોમાં ઢાકા મહાનગર પોલીસ(DMP)ના એડિશનલ કમિશ્નર એસ. એન. નઝમુલ ઈસ્લામે દાવો કર્યો હતો કે, ફૈઝલ મસૂદ અને તેનો સાથી આલમગીર શેખ મેઘાલય થઈને ભારત ભાગી ગયો છે. જોકે, હવે એક ટેલિવિઝન ચેનલે એક રિપોર્ટમાં દસ્તાવેજો અને એક વીડિયોના હવાલે આ દાવાને જૂઠ્ઠો સાબિત કરી દીધો છે.

મસૂદ પાસે સંયુક્ત આરબ અમીરાત(UAE)નો પાંચ વર્ષનો મલ્ટીપલ-એન્ટ્રી વિઝા છે, જે ડિસેમ્બર ૨૦૨૨માં જારી કરવામાં આવ્યો હતો. વર્તમાનમાં તે લોન્ગ-ટર્મ ટૂરિઝમ વિઝા પર દુબઈમાં રહી રહ્યો છે.

દુબઈથી જારી કરવામાં આવેલા એક વીડિયો મેસેજમાં ફૈઝલ મસૂદે પોતાને નિર્દોષ ગણાવતા સમગ્ર કાર્યવાહીને રાજકીય ષડયંત્ર ગણાવ્યું છે. મસૂદે દાવો કર્યો કે, હાદીની હત્યા પાછળ જમાત-એ-ઈસ્લામીનો હાથ હોઈ શકે છે. હાદી ખુદ જમાત-એ-ઈસ્લામી સાથે સંકળાયેલો હતો અને શક્ય છે કે જમાતમાં રહેલા તત્વોએ જ આ હત્યા કરી હોય. મને અને મારા પરિવારને બલિનો બકરો બનાવવામાં આવી રહ્યો છે. મસૂદે સ્વીકાર્યું કે, હાદી સાથે મારા વ્યાવસાયિક અને રાજકીય સંબંધો હતા કારણ કે તે એક આઈટી ફર્મનો માલિક છે. મેં હાદીને રાજકીય ફંડ પણ આપ્યું હતું, જેના બદલામાં હાદીએ મને સરકારી કોન્ટ્રાક્ટ અપાવવાનો વાયદો કર્યો હતો. હવે આ ખુલાસા બાદ બાંગ્લાદેશી મીડિયા અને પોલીસના દાવા પર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસે દાવો કર્યો હતો કે, મસૂદ મયમનસિંહની સરહદથી ભારતમાં ભાગી ગયો હતો, જ્યારે તે દુબઈમાં સુરક્ષિત છે. મસૂદ દ્વારા જમાત-એ-ઈસ્લામીનો ઉલ્લેખ કરવાથી બાંગ્લાદેશના આતંરિક રાજકારણમાં ઉથલપાથલ મચી શકે છે, જ્યાં હાદીના મૃત્યુ બાદ પહેલાથી જ વ્યાપક હિંસા અને વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ઉસ્માન હાદી ઈક્લિાબ મંચનો પ્રવક્તા અને પ્રભાવશાળી યુવા નેતા હતો, ૧૨ ડિસેમ્બરના રોજ ઢાકામાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. તેના મોત બાદ બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ ભડકાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો અને કટ્ટરપંથી સંગઠનોએ આરોપ લગાવ્યો હતો કે, હત્યારાઓ ભારતીય રક્ષણ હેઠળ છે. હવે મસૂદ દુબઈમાં હોવાના ખુલાસાથી આ તમામ આરોપો પાયાવિહોણા સાબિત થયા છે.

# પંજાબના ખેડૂતે ૭ રૂપિયાની લોટરી ટિકિટ ખરીદી અને જીત્યો ૧ કરોડનો જેકપોટ

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

પંજાબના ફતેહગઢ સાહિબ જિલ્લાના એક સામાન્ય ખેડૂત પર નસીબ મહેરબાન થતા તે રાતોરાત કરોડપતિ બની ગયો છે.

મજરી સોઢિયા ગામના નિવાસી બલકાર સિંહે માત્ર ૭ રૂપિયાની લોટરી ટિકિટ ખરીદી હતી, જેમાં તેમને ૧ કરોડ રૂપિયાનો બમ્પર જેકપોટ લાગ્યો છે.

બલકાર સિંહે ૨૪ ડિસેમ્બરના રોજ સરહિંદમાં એક સ્થાનિક સ્ટોલ પરથી સિક્કિમ સ્ટેટ લોટરીની ટિકિટ ખરીદી હતી. જો કે, તે સમયે શહીદીને લગતા કાર્યક્રમો ચાલી રહ્યા હોવાથી બલકાર સિંહ લંગર સેવામાં વ્યસ્ત હતા.

બીજી તરફ, ધાર્મિક આયોજનના કારણે લોટરીનો સ્ટોલ પણ થોડા દિવસો માટે બંધ હતો. નવાઈની વાત એ છે કે, ડ્રો તે જ દિવસે થયો હતો, પરંતુ બલકાર સિંહને તેની જીતની જાણકારી ઘણાં દિવસો પછી મળી. લોટરી સ્ટોલના માલિક મુકેશ કુમાર બિટ્ટુએ તેમનો સંપર્ક કર્યો ત્યારે તેમને આ સમાચાર મળ્યા હતા. બલકાર સિંહ છેલ્લા એક દાયકાથી તે જ સ્ટોલ પરથી લોટરીની ટિકિટ ખરીદતા હતા. આ દરમિયાન તેમણે નાની-મોટી રકમ અને એકવાર રૂ. ૯૦ હજારનું ઈનામ પણ જીત્યું હતું. ખેતી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા બલકાર સિંહે આ જીતને ભગવાનના આશીર્વાદ ગણાવ્યા છે. હવે બલકાર સિંહે ભાવિ યોજનાઓ વિશે વાત કરતા કહે છે કે, આ રકમના ઉપયોગથી હું અત્યાધુનિક ખેતી કરીશ અને ખેતીના સારા સાધનો વસાવીશ. આ ઉપરાંત ઈનામની રકમનો ૧૦ ટકા હિસ્સો જરૂરિયાતમંદ લોકોની મદદ માટે વાપરીશ. લોટરી સ્ટોલ ચલાવતા મુકેશ કુમાર બિટ્ટુએ જણાવ્યું કે હું છેલ્લા ૪૫ વર્ષથી આ વ્યવસાયમાં છે. અગાઉ આ સ્ટોલ પરથી લોકોએ રૂ. ૧૦ લાખ રૂપિયા સુધીના ઈનામો જીત્યા છે, પરંતુ ૧ કરોડ રૂપિયાનો જેકપોટ પહેલીવાર નીકળ્યો છે.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર





રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત જાન્યુઆરી – ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | (AAY) | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | (PHH) | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

જાન્યુઆરી –૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."

**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**

- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration " મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.


# દેશના સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરમાં દૂષિત પાણી પીવાથી ૩ લોકોના મોત, ૪૦ થી વધુ લોકો બીમાર પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

દેશના સૌથી સ્વચ્છ શહેર ગણાતા ઈન્દોરમાં દૂષિત પાણી પીવાથી ૩ લોકોના મોત થયા છે અને ૪૦ થી વધુ લોકો બીમાર પડ્યા છે. ઈન્દોરના મેયર પુષ્યમિત્ર ભાર્ગવે જણાવ્યું હતું કે ઝેરી પાણી પીવાથી અત્યાર સુધીમાં ૩ લોકોના મોત થયા છે. દરમિયાન, ઈન્દોરના ભગીરથપુરા વિસ્તારમાં સંજીવની ક્લિનિક્સ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે, જેમાં સેંકડો લોકો ઉલટી અને ઝાડાથી પીડાઈ રહ્યા છે.

દૂષિત પાણી પીવાથી લોકોને ઉલટી અને ઝાડા થવા લાગ્યા ત્યારે ઈન્દોરના ભગીરથપુરા વિસ્તારમાં ગભરાટ ફેલાઈ ગયો. સરકારે અત્યાર સુધીમાં ત્રણ મૃત્યુની સત્તાવાર પુષ્ટિ કરી છે. મુખ્યમંત્રીએ આ મામલે તાત્કાલિક કાર્યવાહી કરી છે અને ઝોનલ ઓફિસર અને સહાયક ઈજનેરને સસ્પેન્ડ કર્યા છે. ત્રીજા ડેપ્યુટી ઈજનેરની સેવાઓ સમાપ્ત કરવામાં આવી છે. સરકારે આ મામલાની તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી છે. દરમિયાન, મૃતકોના પરિવારજનો માટે પ્રત્યેકને રૂા.૨ લાખનું વળતર જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં, આશરે ૪૦ લોકો બીમાર છે, જ્યારે ૧,૦૦૦ થી વધુ લોકોની સારવાર કરવામાં આવી છે.

એવું જાણવા મળ્યું છે કે ભગીરથપુરા વિસ્તારમાં નર્મદા પાઈપલાઈનમાં લીકેજ થયું હતું, જે શૌચાલયના પાણીમાં ભળી ગયું હતું અને દૂષિત પાણી લોકોના ઘરોમાં પહોંચી ગયું હતું. આ પાણી પીધા પછી લોકો બીમાર પડવા લાગ્યા હતા. આ દરમિયાન, ઘરે ઘરે જઈને બીમાર લોકોને ઓળખવા માટે ડઝનબંધ આંગણવાડી મહિલાઓને તૈનાત કરવામાં આવી છે. હકીકતમાં, વિસ્તારના રહેવાસીઓ ઘણા દિવસોથી નળમાંથી ગંદા અને દુર્ગંધયુક્ત પાણી આવવાની ફરિયાદ કરી રહ્યા હતા પરંતુ સમયસર કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હતી. પરિણામે, ૨૪ ડિસેમ્બરથી ઉલટી અને ઝાડાની ફરિયાદો ઝડપથી વધવા લાગી અને પરિસ્થિતિ ઝડપથી કાબુ બહાર નીકળી ગઈ. મ્યુનિસિપલ કોર્પોરેશન અને આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલી પ્રારંભિક તપાસમાં ગંભીર બેદરકારી બહાર આવી છે. ભગીરથપુરાને પાણી પૂરું પાડતી મુખ્ય પાઈપલાઈનની ઉપર એક જાહેર શૌચાલય આવેલું છે. મુખ્ય પાઈપલાઈનમાં લીકેજને કારણે ડ્રેનેજ સીધું પીવાના પાણીની લાઈનમાં વહેતું હતું. વધુમાં, આ વિસ્તારમાં ઘણી જગ્યાએ તૂટેલી પાણી વિતરણ લાઈન મળી આવી હતી, જેના પરિણામે ગંદુ પાણી ઘરોમાં પહોંચ્યું હતું. નવી પાઈપલાઈન નાખવા માટેના ટેન્ડર ચાર મહિના પહેલા બહાર પાડવામાં આવ્યા હતા. મુખ્ય પાઈપલાઈન માટેના ટેન્ડર, જેનો ખર્ચ રૂ.૨.૫ કરોડ થવાનો હતો, તેને અવગણવામાં આવ્યો હતો.

## ઉત્તરાખંડના ચમોલીમાં મોટી દુર્ઘટના: સુરંગમાં શ્રમિકોને લઈ જતી ૨ ટ્રેન ટકરાઈ, ૭૦ ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)ચમોલી

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં ટિહરી હાઈડ્રો ડેવલપમેન્ટ કોર્પોરેશનની વિષ્ણુગાડ-પીપલકોટી જળવિદ્યુત પરિયોજનાની સુરંગની અંદર શ્રમિકો અને અધિકારીઓને લઈ જતી બે લોકો ટ્રેનો વચ્ચે ભીષણ ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ૭૦ લોકો ઘાયલ થયા છે. આ ઘટના રાત્રે લગભગ ૧૦ વાગ્યે બની હતી, જ્યારે શ્રમિકોની શિફ્ટ બદલાઈ રહી હતી.


## પશ્ચિમ રેલ્વે દ્વારા સાપ્તાહિક સ્પેશ્યલ ટ્રેનોની બે જોડીની ટ્રીપ ચલાવાશે.

| ટ્રેન નં. | થી | સુધી | સેવાની તારીખ | સુધી વિસ્તૃત |
|---|---|---|---|---|
| 04828 | બાંદ્રા ટર્મિનસ | ભગત કી કોઠી | રવિવાર | 01.02.2026 |
| 04827 | ભગત કી કોઠી | બાંદ્રા ટર્મિનસ | શનિવાર | 31.01.2026 |
| 09622 | બાંદ્રા ટર્મિનસ | અજમેર | સોમવાર | 26.01.2026 |
| 09621 | અજમેર | બાંદ્રા ટર્મિનસ | રવિવાર | 25.01.2026 |

મુસાફરો કૃપા કરીને સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 04828 અને 09622 ની વિસ્તૃત ટ્રિપ્સનું બુકિંગ તા. 01.01.2026 થી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે

wr.indianrailways.gov.in

અમને લાઇક કરો: facebook.com/WesternRly

અમને ફોલો કરો: X.com/WesternRly

અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટીકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# તંત્રી લેખ......

## બેદરકારીને કારણે માર્ગ અકસ્માતો વધી રહ્યા છે; સમયસર અને યોગ્ય ઉકેલ જરૂરી

દેશમાં દરરોજ એક મોટો માર્ગ અકસ્માત થાય છે. ક્યારેક, એક જ દિવસમાં અનેક જીવલેણ અકસ્માતો થાય છે, જેના પરિણામે ઘણા લોકોના મોત થાય છે. ગાઢ ધુમ્મસને કારણે માર્ગ અકસ્માતોનું જોખમ વધુ વધ્યું છે. તાજેતરમાં, ગાઢ ધુમ્મસને કારણે દેશના વિવિધ ભાગોમાં અનેક માર્ગ અકસ્માતો થયા છે. આમાં સૌથી ભયાનક ઘટના આગ્રા-નોઈડા એક્સપ્રેસવે પર બની હતી. એક કાર અને બસ વચ્ચેની ટક્કર બાદ, કુલ ૧૧ વાહનો અથડાયા હતા, જેમાં છ સ્લીપર કોચ અને બે રોડવેઝ બસનો સમાવેશ થાય છે. આ ટક્કર બાદ, ઘણા વાહનોમાં આગ લાગી ગઈ, જેમાં ડઝનેક લોકો બળીને ખાખ થઈ ગયા, જેના કારણે તેમની ઓળખ થઈ શકી નહીં. કોઈ એમ્બ્યુલન્સ, પોલીસ, ફાયર સર્વિસ કે ટ્રાન્સપોર્ટ એજન્સી મદદ કરી શકી નહીં. ડીએનએ ટેસ્ટિંગ દ્વારા મૃતદેહોની ઓળખ કરવામાં આવી અને સંબંધીઓ સાથે મેચ કરવામાં આવી. શબ્દોમાં તે પરિવારોની પીડા વર્ણવી શકાતી નથી. આવા દરેક અકસ્માત પાછળ બેદરકારી હોય છે. જ્યારે રાત્રે ગાઢ ધુમ્મસ રાહદારીઓ માટે ચાલવાનું મુશ્કેલ બનાવે છે, ત્યારે જરૂરી સાવચેતી રાખ્યા વિના સ્લીપર અથવા રોડવેઝ બસો પૂરપાટ ઝડપે ચલાવવી એ ગંભીર ગુનો માનવામાં આવશે. જો ડ્રાઈવરો વધુ પડતા કામને કારણે ઊંઘી રહ્યા હોય, અથવા વાહનોમાં જરૂરી ફોગ લાઈટનો અભાવ હોય, અથવા કોઈ અન્ય તકનીકી ખામી હોય, તો આ બસ માલિકોની ગંભીર બેદરકારી માનવામાં આવશે. આખો દેશ જાણે છે કે દર વર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી દરમિયાન ઉત્તર ભારતમાં ધુમ્મસ પડે છે, જે અચાનક ગાઢ, ખૂબ ગાઢ અને ક્યારેક ખૂબ જ હળવું બની શકે છે. આગ્રા-નોઈડા એક્સપ્રેસવે પર થયેલા અકસ્માતના બે દિવસ પહેલા, લખનૌ એકાના સ્ટેડિયમ ખાતે રમાનારી ક્રિકેટ મેચ ભારે ધુમ્મસને કારણે ખેલાડીઓ મેદાનમાં ઉતર્યા પછી પણ મુલતવી રાખવી પડી હતી. હવામાન વિભાગે ધુમ્મસ અંગે ચેતવણી પણ જારી કરી હતી, પરંતુ આ વાહનોની ગતિ નિયંત્રણ અથવા ચેકિંગ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. ઓછામાં ઓછા કેટલાક ચેકપોઈન્ટ પર લાઉડસ્પીકર જાહેરાતો દ્વારા ડ્રાઈવરોને ચેતવણી આપી શકાતી હતી, પરંતુ કોઈએ તેની પરવા કરી ન હતી. પ્રશ્ન એ છે કે આવું કેમ થયું? આનું મૂળ કારણ કોઈપણ વરિષ્ઠ અધિકારી તરફથી સ્પષ્ટ જવાબદારીનો અભાવ છે. આનું કારણ એ છે કે કોઈને જવાબદાર ઠેરવવામાં આવતું નથી અને કોઈને પરવા નથી. પરિવહન વિભાગ ટ્રાફિક પોલીસને દોષ આપે છે, અને ટ્રાફિક પોલીસ પરિવહન વિભાગને દોષ આપે છે, અને થોડા દિવસો પછી આ ઘટના ભૂલી જાય છે. ટ્રાફિક પોલીસ અધિકારીઓ માને છે કે તેમની જવાબદારી હવે આંતરછેદો સુધી મર્યાદિત છે, જે અવિરત ટ્રાફિક પ્રવાહ સુનિશ્ચિત કરે છે.

આગ્રા એક્સપ્રેસવે પર થયેલા ભયાનક અકસ્માત બાદ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બીજા જ દિવસે કડક વલણ અપનાવ્યું અને ઉત્તર પ્રદેશમાં એક્સપ્રેસવે ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ ઓથોરિટી સક્રિય થઈ ગઈ. આગ્રા, લખનૌ, બુંદેલખંડ અને પૂર્વાંચલ એક્સપ્રેસવે પર પચાસ પાયલોટ વાહનો તૈનાત કરવામાં આવ્યા અને ૭૫ સંવેદનશીલ સ્થળો ઓળખવામાં આવ્યા, જ્યાં વાહનો નિયંત્રિત ગતિએ કાફલામાં મુસાફરી કરવાનું શરૂ કર્યું. નિયુક્ત સ્થળોએ બ્લિંકર લગાવવામાં આવ્યા. વિવિધ સ્થળોએ લાઉડસ્પીકર લગાવીને ચેતવણી આપવામાં આવી.આ ચાર એક્સપ્રેસવે પર દર ૫૦ કિલોમીટરના અંતરે પેટ્રોલિંગ વાહનો, એમ્બ્યુલન્સ અને બચાવ વાહનો સહિત ખાસ વાહનો તૈનાત કરવામાં આવ્યા. પ્રવેશ બિંદુઓ પર વાહનો રોકવામાં આવ્યા, અને રિફલેક્ટર અને ફોગ લાઈટ લગાવવામાં આવી. અગ્નિશામક વાહનોની પણ વ્યવસ્થા કરવામાં આવી. ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી અને લાગુ કરવામાં આવી, અને જે લોકોએ આનો અનાદર કર્યો તેમને દંડ કરવામાં આવ્યો.

# ૫ વર્ષ પહેલાં બનેલ હત્યાકાંડમાં ૪ આરોપીઓને આજીવન સજા

(સંપૂર્ણ સમાચાર સેવા)ભાવનગર

ભાવનગરના મહુવા શહેરમાં પાંચ વર્ષ પહેલા બનેલા હત્યાના કેસમાં મહુવા એડિશનલ સેશન્સ કોર્ટે ચાર આરોપીઓને આજીવન સજા ફટકારી છે. ૧૪/૧૧/૨૦૨૦ની દિવાળી રાત્રે ગોપાલભાઈ દેવજીભાઈને હુમલો કરી હત્યા કરી હતી. ફરીયાદ મહુવા પોલીસ સ્ટેશનમાં છ શખ્સો વિરુદ્ધ નોંધાઈ હતી અને પોલીસ દ્વારા તપાસ પછી આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. મહુવા એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં કેસ દરમિયાન ૮૭ લેખિત પુરાવા અને ૩૮ મૌખિક પુરાવા રજૂ કરવામાં આવ્યા. સરકારી વકીલ કમલેશભાઈ કેસરીની અસરકારક દલીલોને આધારે કોર્ટે હરેશ ભાલીયા અને રસિક ભાલીયાને નયન ડાભી તથા કૌશિક પરમારને આજીવન કેદની સજા ફટકારી હતી તથા મૃતકના પરિવારને ૫૦,૦૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# વાર્ષિક રાઉન્ડ અપ - પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ ૨૦૨૫: સિદ્ધિઓ, સંચાલન ઉત્તમતા અને વિકાસનું એક ઐતિહાસિક વર્ષ

અમદાવાદ મંડળને ભારતીય રેલવે સ્તરે નોન-ફેર રેવેન્યુ (NFR) માં ૪થું સ્થાન પ્રાપ્ત થયું

કેલેન્ડર વર્ષ ૨૦૨૫ પશ્ચિમ રેલવે માટે ગુજરાત રાજ્યમાં એક ઐતિહાસિક, પરિવર્તનકારી અને સિદ્ધિઓથી પરિપૂર્ણ વર્ષ તરીકે ઉભરી આવ્યું છે.

આ વર્ષે રેલ અવસંરચના નું વિસ્તરણ, સીમાવર્તી અને તટીય વિસ્તારોમાં સંપર્કના સશક્તીકરણ, ઔદ્યોગિક વિકાસને ગતિ આપવી તેમજ વ્યૂહાત્મક દષ્ટિએ મહત્વપૂર્ણ યોજનાઓને મંજૂરી અને અમલીકરણ દ્વારા પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે વિકાસની એક નવી ગાથા લખી છે.

માલ લોડિંગ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન અત્યાર સુધી માલ પરિવહનના ક્ષેત્રમાં નોંધપાત્ર અને મજબૂત પ્રદર્શન કર્યું છે. ૩૦ ડિસેમ્બર સુધીના પ્રદર્શનના તુલનાત્મક વિશ્લેષણથી સ્પષ્ટ થાય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં ૨૦૨૪–૨૫ની તુલનામાં કુલ મળીને સુધારો નોંધાયો છે.

- પાછલા વર્ષની તુલનામાં આ વર્ષ ૨૬,૦૦૦ વેગનો વધારે લોડિંગ કરવામાં આવી.
- છેલ્લા વર્ષેની તુલનામાં આ વર્ષ ૩,૮૮૯ રેકનો વધારે લોડિંગ કરવામાં આવી.
- સમયપાલન (Punctuality)માં અમદાવાદ મંડળ ભારતીય રેલવે પર ૧૦માં ૮મા સ્થાન પર રહ્યો, અને તેની સમયપાલનતા ૯૩.૯૩% રહી.
- અમદાવાદ મંડળે પ્રથમ વખત રેકોર્ડ કન્ટેનર લોડિંગ નોંધ્યું, જે ગયા વર્ષેની તુલનામાં ૧૩.૧૧% વધારે થઈ.
- ખાતર (Fertilizer)ની લોડિંગ ગયા વર્ષની તુલનામાં આ વર્ષે ૧૯.૧૧% વધારે રહી.
- મીઠાની લોડિંગ ગયા વર્ષની તુલનામાં આ વર્ષે ૨૦.૩૪% વધારે રહી.

સમગ્ર રીતે, આ આંકડાઓ વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ગયા નાણાકીય વર્ષની તુલનામાં ઓપરેશનલ કાર્યક્ષમતા અને પ્રદર્શનમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે. સમગ્ર રીતે, આ આંકડા વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ગયા નાણાકીય વર્ષની તુલનામાં સંચાલન કાર્યક્ષમતા અને પ્રદર્શનમાં નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે.

રાજસ્વ પ્રાપ્તી

- અમદાવાદ મંડળે ભારતીય રેલવે સ્તરે નોન-ફેર રેવેન્યુ (NFR) માં ૪થું સ્થાન પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિને ધ્યાનમાં રાખીને અતિ વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર ૨૦૨૫ માટે પશ્ચિમ રેલવેને નોન-ફેર રેવેન્યુ (NFR) શીલ્ડ તરીકે ઘોષિત કરવામાં આવી છે, જે માનનીય રેલમંત્રીજી દ્વારા પ્રદાન કરવામાં આવશે.
- અમદાવાદ મંડળને માલ લોડિંગમાં ૭મું સ્થાન પ્રાપ્ત થયું છે.
- પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન (એપ્રિલ ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫) રાજસ્વ અર્જનના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે. ગયા વર્ષની સમાન અવધિની તુલનામાં મંડળના વિવિધ રાજસ્વ સ્ત્રોતોમાં સતત વૃદ્ધિ સ્પષ્ટ જોવા મળી છે.
- મુસાફર રાજસ્વમાં અમદાવાદ મંડળે ૬.૩૮ ટકા વૃદ્ધિ નોંધાવી છે, જેમાં રૂા.૧૨૪૭.૩૧ કરોડથી વધીને રૂા.૧૩૨૬.૮૭ કરોડનું રાજસ્વ પ્રાપ્ત થયું છે. આ જ અવધિમાં મુસાફરોની સંખ્યામાં પણ ૯.૧૪ ટકા વધારો નોંધાઈને ૨૭૪.૮૦ લાખથી ૨૯૯.૯૨ લાખ થઈ ગઈ છે.
- માલ પરિવહન ક્ષેત્રમાં મંડળનું પ્રદર્શન અત્યંત પ્રભાવશાળી રહ્યું છે. માલ રાજસ્વમાં ૬.૯૪ ટકાની વૃદ્ધિ સાથે રૂા.૪૮૫૬.૮૫ કરોડથી વધીને રૂા.૫૧૯૩.૯૫ કરોડનું રાજસ્વ પ્રાપ્ત થયું છે. પાર્સલ રાજસ્વમાં પણ ૧.૦૯ ટકાની વૃદ્ધિ સાથે રૂા.૫૬.૧૫ કરોડથી વધીને રૂા.૫૬.૭૬ કરોડ સુધી પહોંચ્યું છે.
- બિન-ભાડા આવકમાં નોંધપાત્ર ૮૬.૨૫ ટકા વૃદ્ધિ નોંધાઈ છે, જે રૂા.૫.૮૨ કરોડથી વધીને રૂા.૧૦.૮૪ કરોડ થઈ ગઈ છે. ઉપરાંત, ટિકિટ તપાસથી મળતી આવકમાં ૫૪.૯૩ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ સાથે રૂા.૧૪.૯૧ કરોડથી વધીને રૂા.૨૩.૧૦ કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકાસ

અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ૧૬ સ્ટેશનો અસારવા, વિરમગામ, ધ્રાંગધ્રા, પાલનપુર, મહેસાણા, પાટણ, કલોલ, મણિનગર, સિદ્ધપુર, ચાંદલોડિયા, વટવા, હિંમતનગર, ઉંઝા, ભિલડી તથા ભચાઉ - ને અમૃત સ્ટેશનો તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે.

- સામાખિયાળી સ્ટેશનનું ઉદઘાટન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ૨૨.૦૫. ૨૦૨૫ના રોજ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી અમૃત સ્ટેશન તરીકે કરવામાં આવ્યું.
- બધા ૧૬ સ્ટેશનો પર કુલ રૂા.૫૧૫.૦૩ કરોડની કિંમતના સોફ્ટ અપગ્રેડેશન કાર્યો પ્રગતિ પર છે.
- સોફ્ટ અપગ્રેડેશન કાર્યોમાં સ્ટેશન ફસાડ અને પરિભ્રમણ વિસ્તારોમાં સુધારો, પ્રતીક્ષાલય, પ્લેટફોર્મ શેલ્ટર અને બેસવાની સુવિધાઓનો વિકાસ, ૧૨ મીટર ચૌડાઈના ફૂટ ઓવર બ્રિજ (FOB) અને કોચ ગાઈડન્સ સિસ્ટમની વ્યવસ્થા શામેલ છે.
- ઉપરાંત, વિકલાંગજનો માટે અનુકૂળ આધુનિક શૌચાલય, આધુનિક પાર્કિંગ, શ્રેષ્ઠ પ્રકાશ વ્યવસ્થા, સૂચક (સાઈનેજ), હરીત સૌંદર્યકરણ, રિટાયરિંગ રૂમ, ડોર્મિટરી અને આધુનિક ટિકિટિંગ અને સુરક્ષા પ્રણાળીઓ વિકસાવવામાં આવી રહી છે.
- મુખ્ય પુનર્વિકાસ (Major Upgradation) કાર્યો હેઠળ અમદાવાદ સ્ટેશન પર રૂા.૨,૩૭૯.૦૦ કરોડ, સાબરમતી બીજી અને સાબરમતી જંકશન પર સંયુક્તરૂપે રૂા.૩૩૪.૯૨ કરોડ અને ન્યૂ ભુજ સ્ટેશન પર રૂા.૨૦૨.૮૬ કરોડના ખર્ચે કાર્યો પ્રગતિ પર છે.

નવી રેલ લાઈન / ગેજ પરિવર્તન

- આંબલિયાસણ–વિજાપુર-મોટી આદરાજ રેલ્વે લાઈન ૮૨ કિમીનું ગેજ પરિવર્તન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે. હવે આ રેલ્વે લાઈન મીટર ગેજમાંથી બ્રોડ ગેજમાં પરિવર્તિત થઈ ગઈ છે અને મુસાફરો માટે આધુનિક અને સુરક્ષિત પ્રલન માટે તૈયાર છે.
- હિંમતનગર-ખેડબ્રહ્મા રેલખંડ (લગભગ ૫૫ કિમી)નું ગેજ પરિવર્તન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થઈ ગયું છે. હવે આ સેકશન મુસાફરો માટે આધુનિક અને સુરક્ષિત પ્રચલન માટે તૈયાર છે.
- કલોલ-કડી-કટોસણ રોડ રેલ લાઈનનું ગેજ પરિવર્તન સહિત વીદ્યુતકરણ (૩૮ કિમી), જે ગાંધીનગર અને મહેસાણા જિલ્લાઓને આવરી લે છે, એક મહત્વપૂર્ણ સિદ્ધિ રહી છે.
- મહેસાણા–પાલનપુર રેલખંડનું દોઢરીકરણ (૬૫.૧૦ કિમી), જે બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાઓને આવરી લે છે, દિલ્હી–અમદાવાદ રાજધાની માર્ગ પર બાકી રહેલી એકલ લાઈન અંતર પૂર્ણ કરવા માટે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ રહ્યું.
- બેચરાજી–રણુજ રેલખંડનું ગેજ પરિવર્તન (૪૦ કિમી), જે મહેસાણા, પાટણ અને અમદાવાદના આકાંક્ષી જિલ્લાઓને આવરી લે છે, રાષ્ટ્રીય લોજિસ્ટિક્સ નીતિ અને પીએમ ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન મુજબ કરવામાં આવ્યું.
- સાબરમતી–બોટાદ રેલખંડનું વીદ્યુતકરણ (૧૦૬ કિમી) પૂર્ણ થવાથી ગુજરાતમાં રેલ નેટવર્કનું ૧૦૦% વીદ્યુતકરણ સુનિશ્ચિત થયું.
- અમદાવાદ બાયપાસના હિસ્સાના રૂપમાં બારેજડી નાંદેજ (ગેરતપુર) અને સાણંદ વચ્ચે ૩૮.૨૦ કિમી લંબાઈની ચોથી રેલ્વે લાઈનનું નિર્માણ કાર્ય ઝડપથી પ્રગતિ પર છે. બારેજડી નાંદેજ અને સાણંદ વચ્ચે આ ચોથી લાઈનની નિર્માણ કાર્ય ક્ષમતા સંબંધિત અવરોધોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.
- સામાખ્યાલી-ગાંધીધામ-આદિપુર લાઈનનું ચોહરીકરણ (૬૩.૬૭ કિમી) કાર્ય પ્રગતિ પર છે.

રોડ અંડર બ્રિજ/રોડ ઓવર બ્રિજનું નિર્માણ

૨૦૨૫–૨૬ દરમિયાન પશ્ચિમ રેલવે હેઠળ ગુજરાત રાજ્યમાં ૧૫ રેલવે ક્રોસિંગ દૂર કરીને તેમના સ્થાન પર ૧૨ રોડ અંડર બ્રિજ અને ૩ રોડ ઓવર બ્રિજનું નિર્માણ પૂર્ણ કરવામાં આવ્યું. પૂર્ણ થયેલા રોડ ઓવર બ્રિજ (ROB), રોડ અંડર બ્રિજ (RUB) અને સબવે કાર્યોમાં વિરમગામ– સામાખ્યાલી, અમદાવાદ–પાલનપુર, પાલનપુર–સામાખ્યાલી, મહેસાણા–પાટણ-ભિલડી અને ખોડિયાર–ગાંધીનગર જેવા રેલખંડોમાં અનેક સમ્પાર ફાટકો દૂર કરવા માટે આરયુબી/આરઓબીનું નિર્માણ કરવામાં આવ્યું, જેમાં ઘણાંમાં કવરડ એપ્રોચ પણ આપવામાં આવી છે. ઘણાં કામો જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે સંપૂર્ણપણે પૂર્ણ થયા છે. આ પ્રોજેક્ટો મહેસાણા, ગાંધીનગર, કચ્છ, સુરેન્દ્રનગર અને બનાસકાંઠા જેવા જિલ્લાઓમાં વ્યાપી છે, જેના પરિણામે માર્ગ-રેલ સંલગ્નતા અને સુરક્ષામાં નોંધપાત્ર સુધારો થયો છે.

નવી ટ્રેન સેવા

- માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૨૬ મે, ૨૦૨૫ના રોજ વેરાવલ–સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને દાહોદમાંથી વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા હરી ઝંડી બતાવીને રવાના કરી.
- માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જી ૨૫ ઑગસ્ટ, ૨૦૨૫ના રોજ ગુજરાતની મુલાકાતે આવ્યા. આ અવસરે માનનીય પ્રધાનમંત્રી જી બે મહત્વપૂર્ણ નવી રેલ સેવાઓ કટોસણ રોડ અને સાબરમતી વચ્ચે પ્રથમ MEMU ટ્રેન સેવા અને બેચરાજીથી કાર-લોડેડ માલગાડીને અમદાવાદમાં આયોજિત કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી હરી ઝંડી બતાવીને શુરુઆત કરી.

સંરક્ષા

અમદાવાદ મંડળમાં મુસાફરોની સુરક્ષા અને ટ્રેનોના સુચારૂ કામગીરી સુનિશ્ચિત કરવા માટે ૮૨.૫૭ કિમી ટ્રેકનું નવિનીકરણ કરવામાં આવ્યું.

યાર્ડમાં અવરોધો દૂર કરવામાં આવ્યા જેથી ટ્રેનોનું સંચાલન અવરોધરહિત બની શકે.

૨૦૫ કિમી લાંબાઈમાં બાઉન્ડરી વોલ અને ફેન્સિંગનું નિર્માણ કરવામાં આવ્યું જેથી ટ્રેકની સુરક્ષા વધારી શકાય.

પાલનપુર–સામાખ્યાલી ખંડમાં ૬ કાયમી ગતિ પ્રતિબંધો દૂર કરવામાં આવ્યા, જેના કારણે ટ્રેનનું સંચાલન વધુ સુચારૂ બન્યું.

૨૦ પુલોના મજબૂતિકરણ કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા જેથી ઢાંચાગત સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

૧૫ રેલ ફાટકો દૂર કર્યા અને તેમની જગ્યાએ રોડ ઓવર બ્રિજ (ROB) અને રોડ અંડર બ્રિજ (RUB)નું નિર્માણ કરવામાં આવ્યું, જેના કારણે દુર્ઘટનાનું જોખમ ઘટ્યું અને મુસાફરો અને માર્ગ વપરાશકર્તાઓની સુરક્ષા વધારી શકાઈ.

### ચાલકનું ઘટનાસ્થળે મોત, મહિલા ઈજાગ્રસ્ત

# ગાંધીનગર: ઝુંડાલ બ્રિજ નજીક ટ્રકે મોપેડને અડફેટે લીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતના હાઈવે પર બેફામ દોડતા ભારે વાહનો નાના વાહનચાલકો માટે કાળ સમાન સાબિત થઈ રહ્યા છે. ત્યારે ગાંધીનગર-મહેસાણા હાઈવે પર ઝુંડાલ બ્રિજ નજીક બુધવારે (૩૧મી ડિસેમ્બર) ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક પૂરઝડપે આવતા ટ્રકે મોપેડસવાર વૃદ્ધ દંપતીને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ૭૦ વર્ષીય વૃદ્ધનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે તેમના પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મળતી માહિતી મુજબ, ગાંધીનગર-મહેસાણા હાઈવે પર ઝુંડાલ બ્રિજ નજીકથી એક વૃદ્ધ દંપતી એક્ટિવા પર પસાર થઈ રહ્યું હતું. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવતા એક બેફામ ટ્રક ચાલકે એક્ટિવાને અડફેટે લીધું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે દંપતી રોડ પર પટકાયું હતું. ૭૦ વર્ષીય વૃદ્ધના શરીર પરથી ટ્રકનું ટાયર ફરી વળતા તેમનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. અકસ્માતમાં વૃદ્ધાને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકો અને રાહદારીઓએ તાત્કાલિક એમ્બ્યુલન્સને જાણ કરતા તેમને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતા જ અડાલજ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે મૃતક વૃદ્ધના દેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલી આપ્યો હતો. પોલીસે ટ્રક ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હાઈવે પર વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# સાવલી-સાંકરદા રોડ પર પસાર થતા ડમ્પરમાં અચાનક આગ ફાટી નીકળી

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા જિલ્લાના સાવલી-સાંકરદા રોડ પર આજે એક ભયાનક દુર્ઘટના સર્જાતા સહેજમાં રહી ગઈ હતી. માર્ગ પરથી પસાર થઈ રહેલા એક ડમ્પરમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા ડમ્પર અગનગોળામાં ફેરવાઈ ગયું હતું, જેને પગલે રાહદારીઓ અને અન્ય વાહનચાલકોમાં દોડધામ મચી ગઈ હતી.જે સમયે આગ લાગી ત્યારે ડમ્પરમાં ડ્રાઈવર અને ક્લીનર સવાર હતા. આગની તીવ્રતા વધે તે પહેલા જ બંનેએ સતર્કતા વાપરી ચાલુ ડમ્પરમાંથી નીચે ઉતરી ગયા હતા. સમયસૂચકતાને કારણે કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી, અને બંને સહીસલામત હોવાનું જાણવા મળ્યું છે. જોકે, આ ઘટનામાં ડમ્પર બળીને ખાખ થઈ ગયું છે.

રસ્તાની મધ્યમાં ધુમાડાના ગોટેગોટા અને આગની ઊંચી જ્વાળાઓ જોઈને રસ્તે પસાર થતા લોકો ડઘાઈ ગયા હતા. આગને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. લોકોએ તાત્કાલિક ધોરણે ફાયર બ્રિગેડને જાણ કરી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે, ડમ્પરનો આગળનો ભાગ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયો હતો.પ્રાથમિક તપાસ અને અનુમાન મુજબ, આ આગ લાગવાનું મુખ્ય કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું મનાઈ રહ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. પોલીસ અને સંબંધિત તંત્ર દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ઉનાળાની શરૂઆત અથવા એન્જિનમાં ઓવરહિટીંગને કારણે આવી ઘટનાઓ બનતી હોય છે, ત્યારે આ કિસ્સામાં ટેકનિકલ ખામી જવાબદાર હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાઈ રહ્યું છે.

### સુરત LCBએ મહારાષ્ટ્રની પારધી ગેંગને ઝડપી પાડી

# સુરતમાં વૃદ્ધોને ટાર્ગેટ કરી ચેન ચોરતી મહિલા ટોળકી ક્રાઈમબ્રાન્ચે ઝડપી પાડી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં વૃદ્ધો સાથે કળા કરી ચેનની ચોરી કરતી ગેંગને ઝડપી પાડવામાં આવી છે, સુરતના વેસુ નંદિની-૧માં કથામાં ભીડનો લાભ લઈ ૭ વૃદ્ધાની ચેન ચોરી કરી હતી અને સુરત ક્રાઈમબ્રાન્ચે ત્રણ મહિલાઓને ઝડપી પાડી છે, વૃદ્ધો ચા-નાસ્તાના સ્ટોલ પર ચા પીતા હતા અને ત્યારે ચોર ટોળકી કળા કરી ગઈ હતી અને હાલ પોલીસે ત્રણ મહિલાઓની વધુ પૂછપરછ કરાઈ રહી છે.

સુરત ક્રાઈમબ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસની મદદથી ફિલ્ડિંગ ગોઠવીને બે શખ્સોને ઝડપી લીધા છે. જેમાં ભુષણ બાડુ પાટીલ અને દિનેશ આનંદ ચૌધરીનો સમાવેશ થાય છે. આ બંને આરોપીઓ જલગાંવમાં હત્યાની ઘટનાને અંજામ આપીને સુરતમાં આશરો લેવા માટે આવ્યા હતા, પરંતુ સુરત પોલીસની સતર્કતાએ તેમને વધુ સમય ફરાર રહેવા દીધા ન હતા.સોનાના દાગીનાની બાળકો મારફતે ચોરી કરાવતા, LCB ટીમે એક મહિલા, એક પુરુષને ઝડપી પાડ્યો છે અને પોલીસે ટીના ઉર્ફે અંજુ શિંદે, સુમિત કાલેની ધરપકડ કરી છે, પોલીસે ઈન્સ્ટાગ્રામ આઈડી મારફતે ગેંગને ઝડપી પાડી છે અને પોલીસે ગેંગને ઝડપી ૧૫ લાખથી વધુની ચોરીનો ભેદ ઉકેલ્યો છે, આરોપીઓ મહારાષ્ટ્રમાં છુપાયાની માહિતી મળી હતી અને આરોપીઓ ભીડવાળી જગ્યા ઉપર ફુગ્ગા-રમકડા વેચતા અને બાળકીઓ પાસે ભીખ મંગાવી મોકો મળતા ચોરી કરાવતા અને પોલીસે મુદ્દામાલ રિકવર કરી વધુ તપાસ હાથ ધરી છે.

### મોરબીથી વૈશ્વિક બજારો સુધી: VGRC રાજકોટ ખાતે એડવાન્સ્ડ સિરામિક્સમાં વ્યૂહાત્મક રોકાણની તકો

# જાંબુડિયા–પાનેલી ખાતે આગામી સમયમાં બનશે ઈન્ટિગ્રેટેડ સિરામિક પાર્ક: એક વિશિષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ઔદ્યોગિક વિકાસનું નવું કેન્દ્ર

જાંબુડિયા-પાનેલી ખાતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા આગામી સમયમાં ઈન્ટિગ્રેટેડ સિરામિક પાર્ક વિકસિત કરવામાં આવશે, જેને રાજ્યના ઔદ્યોગિક ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે.

આ મહત્વપૂર્ણ પહેલ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના “વિકસિત ગુજરાતથી વિકસિત ભારત”ના વિઝનને સાકાર કરતી દિશામાં એક સશક્ત પગલું છે. GIDC ઈન્ટિગ્રેટેડ સિરામિક પાર્ક ગુજરાતના ઉત્પાદન ક્ષેત્રના ભવિષ્યને મજબૂત આધાર આપશે.

જાંબુડિયા–પાનેલી ખાતે GIDCનો વ્યૂહાત્મક ઔદ્યોગિક વિકાસ

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) દ્વારા મોરબી–રાજકોટ ઔદ્યોગિક પટ્ટામાં જાંબુડિયા– પાનેલી ખાતે વિકસિત થઈ રહેલો ઈન્ટિગ્રેટેડ સિરામિક પાર્ક આશરે ૧૦૫૦ એકર વિસ્તારને આવરી લેશે. આ પાર્ક વિશ્વવિખ્યાત મોરબી સિરામિક ક્લસ્ટરની નજીક હોવાને કારણે મજબૂત અને સ્થાપિત ઔદ્યોગિક ઈકોસિસ્ટમનો સંપૂર્ણ લાભ મેળવશે.

મૂલ્ય શૃંખલામાં વિસ્તરણ અને ઔદ્યોગિક અસર

આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ સિરામિક ઉદ્યોગની સમગ્ર મૂલ્ય શૃંખલામાં હાજરીને વિસ્તૃત કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. પાર્કમાં મુખ્યત્વે ટાઈલ્સ અને સેનિટરીવેર ઉત્પાદન પર ભાર મૂકવામાં આવશે, તેમજ ઔદ્યોગિક અને એડવાન્સ્ડ સિરામિક્સ જેવા ઉચ્ચ મૂલ્યવાળા અને વિશિષ્ટ સેગમેન્ટ્સમાં નવા રોકાણોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ પહેલ ગુજરાતને વૈશ્વિક સિરામિક ઉત્પાદન નકશા પર વધુ મજબૂત સ્થાન



અપાવશે.

લોજિસ્ટિક્સ અને વ્યૂહાત્મક કનેક્ટિવિટી

જાંબુડિયા–પાનેલી સિરામિક પાર્કને ઉત્તમ લોજિસ્ટિક્સ અને કનેક્ટિવિટીનો લાભ મળશે. આ વિસ્તાર રાષ્ટ્રીય ધોરીમાર્ગ NH-27થી માત્ર ૧.૫ કિમી દૂર સ્થિત છે, જ્યારે મોરબીનું નજીકનું રેલ્વે સ્ટેશન ૧૨ કિમી અંતરે આવેલું છે. ઉપરાંત, રાજકોટમાં આવેલું હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આશરે ૭૦ કિમી, અને મકનસર ખાતેનું ઈનલેન્ડ કન્ટેનર ડેપો માત્ર ૫ કિમી દૂર છે. નવલખી (૪૮ કિમી), કંડલા (૧૩૯ કિમી) અને મુન્દ્રા (૧૯૫ કિમી) જેવા મુખ્ય બંદરોની નિકટતા વૈશ્વિક નિકાસ માટે મહત્વપૂર્ણ લાભ પૂરો પાડે છે.

વિશિષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક સુવિધાઓ

આ પાર્કની મુખ્ય વિશેષતા એ છે કે, અહીં ઉદ્યોગોની ચોક્કસ જરૂરિયાતોને અનુરૂપ વિશિષ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિશિષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. એસ્ટેટમાં કોમન ડિસ્પ્લે સેન્ટર, NABL-પ્રમાણિત પ્રયોગશાળા સાથેનું સેન્ટર ઑફ એક્સેલન્સ, તેમજ નવીનતાને પ્રોત્સાહન આપવા અને કાર્યબળની કુશળતા વધારવા માટે કૌશલ્ય વિકાસ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવશે.

આ પાર્કમાં ઉદ્યોગોની વધતી માંગને ધ્યાનમાં રાખીને 30 MLD ક્ષમતા ધરાવતી સમર્પિત પાણી પુરવઠા વ્યવસ્થા વિકસાવવામાં આવશે.

વિશ્વસનીય વીજ પુરવઠા માટે એસ્ટેટની અંદર ત્રણ સબસ્ટેશન માટે જમીન ફાળવવામાં આવી છે જેમાં બે 66 KV અને એક 220 KV ક્ષમતાવાળું સબસ્ટેશન સામેલ છે. ઉપરાંત, પર્યાવરણીય રીતે જવાબદાર કામગીરી સુનિશ્ચિત કરવા માટે ઘન કચરા વ્યવસ્થાપન વ્યવસ્થા અને સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) માટે પણ સુવિધા ઉપલબ્ધ રહેશે.

વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) કચ્છ અને સૌરાષ્ટ્ર : ઔદ્યોગિક વિકાસ માટેનું સશક્ત મંચ

આગામી વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (VGRC) કચ્છ અને સૌરાષ્ટ્ર દરમિયાન રાજકોટમાં સિરામિક્સ, બંદરો, લોજિસ્ટિક્સ અને ગ્રીન એનર્જી સહિત પ્રદેશના અગ્રણી ઉદ્યોગ ક્ષેત્રોના પ્રતિનિધિઓ ભાગ લેશે. ૧૧ અને ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન રાજકોટમાં યોજાનારી આ કોન્ફરન્સ સ્થાનિક ઉદ્યોગો, ઉદ્યોગ અગ્રણીઓ તથા રોકાણ ભાગીદારો માટે સહયોગ અને વૃદ્ધિના નવા અવસરો સર્જશે.

પ્રતિનિધિઓ જાંબુડિયા–પાનેલી સિરામિક પાર્કને ઔદ્યોગિક વિકાસ, ટેકનોલોજી અપગ્રેડેશન અને કૌશલ્ય વૃદ્ધિના મોડલ તરીકે જુએ છે. મોરબીની આસપાસ ઉપલબ્ધ વિશાળ અને કુશળ માનવ સંસાધન તેમજ ગુણવત્તાયુક્ત માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

આ મજબૂત આધારને કારણે આ પાર્ક સિરામિક ક્ષેત્રમાં ગુણવત્તા અને ટેક્નોલોજીકલ પ્રગતિનું અગ્રણી કેન્દ્ર બની રહ્યો છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૪૧૬ અને ચાંદીના વાયદામાં રૂ.૧૪૨૯૮નો કડાકોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૬નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૫૨૪.૯૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૮૯૭૯૩.૪૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૫૫૩૫.૩૨ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૪૮૯૧ પોઈન્ટના સ્તરે


મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૭૪૬૩૩૬.૮૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૬૫૨૪.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૬૮૯૭૯૩.૪૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૪૮૯૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૩૫૩૩.૫૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૫૫૩૫.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૩૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૩૨૭ અને નીચામાં રૂ.૧૩૫૧૧૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૬૬૬૬ના આગલા બંધ સામે રૂ.૧૪૧૬ ઘટી રૂ.૧૩૫૨૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૧૦ ઘટી રૂ.૧૧૦૧૦૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫૬ વધી રૂ.૧૩૭૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૪ ઘટી રૂ.૧૩૨૪૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૩૮૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૩૮૧ અને નીચામાં રૂ.૧૩૩૫૫૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૫૦૩૧ના આગલા બંધ સામે રૂ.૪૪૧ ઘટી રૂ.૧૩૪૫૯૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૧૪૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૪૨૦૦૦ અને નીચામાં રૂ.૨૩૨૨૨૮ના મથાળે અથડાઈ, રૂ.૨૫૧૦૧૨ના આગલા બંધ સામે રૂ.૧૪૨૯૮ ઘટી રૂ.૨૩૬૭૧૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩૭૧૪ ઘટી રૂ.૨૩૮૭૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩૬૪૮ ઘટી રૂ.૨૩૮૮૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૭૮૪૨.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો રૂ.૧.૯૫ ઘટી રૂ.૧૨૮૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૯.૫ વધી રૂ.૩૧૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૯ ઘટી રૂ.૨૯૬.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું ડિસેમ્બર વાયદો રૂ.૨.૬ વધી રૂ.૧૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૩૦૫૪.૭૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૫૧૮ અને નીચામાં રૂ.૪૩૫૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨ ઘટી રૂ.૪૩૮૪ થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૬૨ અને નીચામાં રૂ.૫૨૦૪ના મથાળે અથડાઈ, રૂ.૫૨૩૫ના આગલા બંધ સામે રૂ.૨૬ વધી રૂ.૫૨૬૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૨૨ વધી રૂ.૫૨૬૧ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૪.૩ ઘટી રૂ.૩૪૩.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૪.૪ ઘટી રૂ.૩૪૩.૮ થયો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૫ના ભાવે ખૂલી, રૂ.૨૧ ઘટી રૂ.૧૦૦૦ થયો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૩૫ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૨૬૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૭૬૪૪.૩૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૭૮૯૦.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૭૧૪૧.૭૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૩૧૫.૬૬ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૪.૫૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૩૬૦.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૬.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૩૮૮.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૬૪૯.૪૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૬૯ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૧૪૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૯૧૭૦૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૫૬૯૯ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૧૬૪૩૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૭૧૦૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૩૪૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૫૮૧ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૫૨૩૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૪૦૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૭૭૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૮૦૯૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૫૦૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૫૨૫૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૭૩૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૯૧૮ પોઈન્ટ ઘટી ૩૪૮૯૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૫ વધી રૂ.૧૬૦.૧ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૪૫ ઘટી રૂ.૨૫.૮૫ થયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૬.૫ ઘટી રૂ.૫૩ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૪૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૮૯૨.૫ ઘટી રૂ.૧૨૬૨૩ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪.૬૬ ઘટી રૂ.૭૩.૧ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૯.૭ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૫ ઘટી રૂ.૧૦૮.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૭.૧૫ વધી રૂ.૩૦.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું ડિસેમ્બર રૂ.૧૩૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૭૬.૫ વધી રૂ.૫૩૫.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૯૯ વધી રૂ.૩૧૮૦ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮.૦૫ વધી રૂ.૮૯.૭૨ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૯.૫ના ભાવે બોલાયો હતો.

# પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ અને પંજાબ નેશનલ બેંક વચ્ચે સમજુતીપત્ર

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે તેના કર્મચારીઓ અને પેન્શનરોને વધુ સારી બેંકિંગ સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી પંજાબ નેશનલ બેંક (PNB) સાથે એક સમજુતીપત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે.

આ MoU ખાસ રીતે ડિઝાઈન કરાયેલા સેલેરી અને પેન્શન ખાતાઓ દ્વારા સુવિધાજનક નાણાકીય સેવાઓ અને આકર્ષક લાભો પ્રદાન કરે છે.

આ MoU પર હસ્તાક્ષર નીચે દર્શાવેલ અધિકારીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યાઃ

પશ્ચિમ રેલવે તરફથીઃ
- શ્રી વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક
- શ્રી સિદ્ધાર્થ, વરિષ્ઠ કાર્મિક અધિકારી, અમદાવાદ મંડળ




પંજાબ નેશનલ બેંક તરફથીઃ
- શ્રી વિનિશ ચાવલા, ઝોનલ પ્રબંધક, ગુજરાત
- શ્રી જગદીશ ગુપ્તા, AGM માર્કેટિંગ
- શ્રી કુણાલ ચટર્જી, મુખ્ય પ્રબંધક

સેલેરી અને પેન્શન ખાતાની મુખ્ય વિશેષતાઓઃ

સેલેરી ખાતુંઃ
- ટર્મ ઈન્શ્યોરન્સઃ રૂા.૧૦ લાખ (NEO વેરિઅન્ટ સિવાય)
- પર્સનલ એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (PAI): રૂા.૧૦૦–૧૨૫ લાખ
- એર એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (AAI): રૂા.૨૦૦–૨૫૦ લાખ
- લોકર ભાડામાં ૧૦૦% સુધી છૂટ
- વિશેષ ડેબિટ કાર્ડ ઓફર
- પરિવારના સભ્યો માટે શૂન્ય બેલેન્સ ખાતાં

પેન્શન ખાતુંઃ
- પર્સનલ એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (PAI): રૂા.૧૫–૩૦ લાખ
- એર એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ (AAI): રૂા.૩૦–૬૦ લાખ
- હોસ્પિટલ કેશ (Hospicash): રૂા.૩૦,૦૦૦–૯૦,૦૦૦
- રિટેલ લોન પર વ્યાજ દરમાં છૂટ
- વાર્ષિક આરોગ્ય તપાસ અને અનલિમિટેડ ટેલિ-કન્સલ્ટેશન
- ડિજિટલ પર્સનલ/પેન્શન લોન સુવિધા

આ સહયોગ પશ્ચિમ રેલવેની તેના કર્મચારીઓ અને પેન્શનરોની કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જેના દ્વારા તેમને આધુનિક, સુવિધાજનક અને નાણાકીય રીતે લાભદાયક સેવાઓ ઉપલબ્ધ થશે.

### સંસ્કૃત પ્રેમીઓ આગામી તા. ૦૭ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કરી શકશે ઓનલાઈન નોંધણી

# ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શત સુભાષિત કંઠપાઠ યોજનાની પરીક્ષાનું કરાયું આયોજન

રાજ્યમાં સંસ્કૃત ભાષા, ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાને વધુ પ્રોત્સાહન આપવાના હેતુસર શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના તથા શત સુભાષિત કંઠપાઠ યોજના એટલે કે સંપૂર્ણ ગીતા કંઠપાઠ અંતર્ગત ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સમીક્ષા-પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરીક્ષામાં ભાગ લેવા ઈચ્છુક સંસ્કૃત પ્રેમીઓ અને પ્રતિભાગીઓ આજે તા. ૦૧ જાન્યુઆરીથી તા. ૦૭ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી રાજ્ય સંસ્કૃત બોર્ડની અધિકૃત વેબસાઈટ https://grsb. gujarat.gov.in/ મારફતે ઓનલાઈન ફોર્મ ભરી શકશે. વધુમાં, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શત સુભાષિત કંઠપાઠ યોજનાની માર્ગદર્શિકા https://drive.google.com/file/d/1uYof0D6t1lqape--aZFcspirGE2aBtXP/view?usp=drive_link લિંક પરથી ડાઉનલોડ કરી શકાશે, તેમ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડની અખબારી યાદીમાં જણાવાયું છે.

આ પરીક્ષામાં ભાગ લેનાર પ્રતિભાગીઓના કંઠસ્થ શ્લોકોની અને સુભાષિતની નિપુણતા, ઉચ્ચારણની શુદ્ધતા, લયછંદ અને ભાવભક્તિની યુનિવર્સિટી કક્ષાએ નિષ્ણાંતો દ્વારા સમીક્ષા કરવામાં આવશે. યુનિવર્સિટી કક્ષાની આ વિશેષ સમીક્ષામાં ઉત્તીર્ણ થનાર સંપૂર્ણ ગીતા કંઠપાઠ કરનાર પ્રતિભાગીઓને 'ગીતાભૂષણ'ની પ્રતિષ્ઠિત પદવી તેમજ શત સુભાષિત કંઠપાઠમાં સફળ થનારને 'શત સુભાષિત પંડિત'ની ગૌરવપૂર્ણ ઉપાધિથી રાજ્ય કક્ષાના ભવ્ય સમારોહમાં સન્માનિત કરવામાં આવશે તેમજ પ્રમાણપત્ર આપવામાં આવશે. આ સુવર્ણ અવસરમાં વધુમાં વધુ સંસ્કૃતપ્રેમીઓ, વિદ્યાર્થીઓ તથા રસ ધરાવતા નાગરિકોએ ભાગ લઈને ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાને વધુ મજબૂત બનાવવા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે નોંધનીય છે કે, ભારત કે વિશ્વની જ નહીં, બ્રહ્માંડની દિવ્યભાષા સંસ્કૃત છે. જેનો આશ્રય લઈને ભારતનો ભવ્ય જ્ઞાન વારસો આજે પણ અડીખમ ઊભો છે.

આ દેવભાષાનો પ્રચાર-પ્રસાર અને સંવર્ધન એટલે ભારતનું મૂળ તત્વરૂપ, જ્ઞાન, વિજ્ઞાન અને ન્યાય, નીતિ, સ્વધર્મ, સંસ્કૃતિ વિકાસની સાથે-સાથે આસ્તિકતા અર્થાત્ સ્તુત્ય નાગરિકત્વનો આવિર્ભાવ છે. આ જ્ઞાન પરંપરારૂપી સંસ્કૃત ભાષા અને સાહિત્યનો પ્રચાર-પ્રસાર રાજ્યવ્યાપી અને દેશવ્યાપી બને તેવો ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડનો ઉદ્દેશ્ય છે. જે અંતર્ગત તાજેતરમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા રાજ્યમાં સંસ્કૃત ભાષા અને સાહિત્યનાં જન માનસમાં પ્રચાર-પ્રસાર દ્વારા પ્રાચીનતમ ભાષા સંસ્કૃતને પ્રોત્સાહન તેમજ જતન-સંવર્ધન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે 'યોજના પંચકમ'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યોજના પંચકમ્ અન્વયે સંસ્કૃત સપ્તાહોત્સવ યોજના - સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના - સંસ્કૃત પ્રોત્સાહન યોજના – શ્રીમદ્ ભગવદ્ ગીતા યોજના - શત સુભાષિત કંઠપાઠ યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જીગર બારોટ

# રાજય સરકારે ૧૩ સ્થાયી પરામર્શ સમિતિઓની કરી રચના : તમામ ધારાસભ્યો અને સાંસદોનો કરાયો સમાવેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજ્યમાં મંત્રીઓને પોતાના વહિવટી ક્ષેત્રમાં નીતિના અમલ સંબંધિત બાબતોમાં વિચાર વિનીમય કરવા મુખ્યમંત્રી સહિત કેબિનેટ કક્ષાના મંત્રીઓ તેમજ સ્વતંત્ર હવાલો ધરાવતા રાજય કક્ષાના મંત્રીઓના અધ્યક્ષપણા હેઠળ ધારાસભ્યોની ૧૩ સ્થાયી પરામર્શ સમિતિઓની રચના કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. આ સમિતિઓમાં રાજયના સંસદસભ્યોને આમંત્રિત સભ્ય તરીકે સમાવવામાં આવ્યા છે.



પ્રથમ સમિતિમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત ૧૬ મંત્રી / ધારાસભ્યો તેમજ આમંત્રિત સભ્ય તરીકે ૩ સાંસદો, બીજી સમિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત ૧૮ મંત્રી / ધારાસભ્યો તથા ૩ સાંસદો, ત્રીજી સમિતિમાં નાણામંત્રી કનુ દેસાઈ સહિત ૧૫ મંત્રી / ધારાસભ્યો સહિત ૩ સાંસદો, ચોથી સમિતિમાં કૃષિ મંત્રી જીતુ વાઘાણી સહિત ૧૬ મંત્રી / ધારાસભ્યો સહિત ૩ સાંસદો, પાંચમી સમિતિમાં ઉર્જા મંત્રી ઋષીકેશ પટેલ સહિત ૧૫ મંત્રી / ધારાસભ્યો અને ૩ સાંસદો, છઠ્ઠી સમિતિમાં શ્રમ અને કૌશલ્ય વિકાસ મંત્રી કુંવરજી બાવળીયા સહિત ૧૫ મંત્રી / ધારાસભ્યો અને ૨ સાંસદો તેમજ સાતમી સમિતિમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલ સહિત ૧૫ મંત્રી / ધારાસભ્યો અને ૨ સાંસદોનો આમંત્રિત સભ્ય તરીકે સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત આઠમી સમિતિમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા સહિત ૧૪ મંત્રી / ધારાસભ્યો અને ૨ સાંસદો, નવમી સમિતિમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજા સહિત ૧૬ મંત્રી / ધારાસભ્યો તથા ૨ સાંસદો, દસમી સમિતિમાં અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી રમણ સોલંકી સહિત ૧૪ મંત્રી / ધારાસભ્યો અને ૨ સાંસદો, અગીયારમી સમિતિમાં જળસંપત્તિ રાજય મંત્રી ઈશ્વરસિંહ પટેલ સહિત ૧૨ ધારાસભ્યો અને ૨ સાંસદો, બારમી સમિતિમાં આરોગ્ય અને પરીવાર કલ્યાણમંત્રી પ્રફુલ પાનસેરીયા સહિત ૧૨ ધારાસભ્યો અને ૨ સાંસદો તેમજ અંતિમ તેરમી સમિતિમાં મહિલા અને બાળ કલ્યાણ રાજયમંત્રી ડો. મનિષા વકીલ સહિત ૧૧ ધારાસભ્યો તેમજ ૨ સાંસદોનો આમંત્રિત સભ્ય તરીકે સમાવેશ કરવામા આવ્યો છે. આ પરામર્શ સમિતિઓના કાર્યક્ષેત્રમાં દરેક પરામર્શ સમિતિ હાલ તુરંત વર્તમાન મંત્રી મંડળની મુદત સુધી કાર્ય કરશે, દર ૩ મહિને એકવાર અથવા મંત્રી નકકી કરે તેમ વારંવાર મળતી સમિતિની બેઠકોમાં મંત્રી પ્રમુખ તરીકેનુ સ્થાન સંભાળશે અને સંબંધિત રાજય કક્ષાના મંત્રી પણ બેઠકમાં હાજરી આપશે, મંત્રી જે વહિવટી ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય તેમાંની નિતિના અમલ, વ્યાપક મહત્વની બાબતોના પ્રશ્નો તેમજ નાગરીકોને લગતા પ્રશ્નો અંગે સમિતિ તેમની સાથે પરામર્શ કરશે. મંત્રી પોતે સમિતિ સમક્ષ રજુ કરે તેવી અથવા કોઈ સભ્ય સમિતિ સમક્ષ રજુ કરવા મંત્રીને વિનંતી કર્યાથી મંત્રી રજુ કરે તેવી બાબતો અંગે સમિતિ વિચારણા કરશે.

સમિતિ વ્યકિતગત અધિકારીઓની અંગત, નોકરી અંગેની બાબતોને લગતા કોઈ પ્રશ્નો, હાલના નિયમો અને હુકમો અનુસાર સંબંધિત અધિકારીઓ જેનો નિકાલ કરી શકે તેવા વ્યકિતગત કોઈ કેસ અથવા ન્યાયીક કાર્યવાહીમાં વિચારાધીન હોય તેવા અથવા જેને અંગે પક્ષકાર કોર્ટમાં અથવા તે અંગે નિર્ણય લઈ શકે તેવી સત્તા ધરાવતા બીજા પ્રાધિકારોને અરજી કરી શકે તેવી બાબતો વિચારણામાં લેશે નહી, પરામર્શ સમિતિઓનુ મુખ્યમથક ગાંધીનગર રહેશે.

# ચાંદી માં ભાવવધારાથી વેપારીઓ બન્યા બેહાલઃ ગુજરાતમાં ૪૦ થી વધુ દુકાનો થઈ બંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

ચાંદીના ભાવમાં આવેલા અચાનક અને ભારે ઉછાળાએ ગુજરાતના ચાંદી વેપારીઓને ગંભીર આર્થિક સંકટમાં મુકી દીધા છે. વધતા ભાવોના કારણે રાજયમાં કુલ ૪૪ વેપારીઓ અને કંપનીઓને તેમની દુકાનો બંધ કરવાની ફરજ પડી છે. મળેલ અહેવાલ મુજબ આ વેપારીઓ પર અંદાજે રૂપીયા ૩૫૦૦ કરોડ જેટલુ દેવુ છે. જે ચુકવવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. પરીણામે નાદારી જાહેર કરવાની પરીસ્થિતિ સર્જાઈ છે. ચાંદીના ભાવમાં વધારો જયાં રોકાણકારોને લાભદાયી સાબિત થયો છે. ત્યાં દેશભરના ૪૪ ઉદ્યોગપતિઓ માટે આ વધારો વિનાશક સાબિત થયો છે. રાજકોટથી મળેલા અહેવાલો અનુસાર વૈશ્વિક બજારમાં ચાંદીના ભાવ વધતા સ્થાનિક વેપારીઓ પર ભારે દબાણ આવ્યુ છે. આ કંપનીઓ પોતાની બાકી જવાબદારીઓ ચુકવવામાં નિષ્ફળ રહી, જેના કારણે તેમને નાદારી જાહેર કરવાની ફરજ પડી છે. રાજકોટના ઘણા વેપારીઓએ ચાંદીના ભાવ સ્થિર રહેવાની અપેક્ષામાં ટુંકા ગાળાના સોદા (શોર્ટ સેલીંગ) કર્યા હતા, પરંતુ ભાવ પ્રતિ કિલોગ્રામ રૂપીયા ૧.૨૫ લાખ ની સપાટી પર કરતા જ પરીસ્થિતિ બેકાબુ બની ગઈ. ૨૦૨૫ માં મજબુત પ્રદર્શન બાદ ભાવ સ્થિત રહેશે તેવી ધારણા ખોટી સાબિત થઈ, અને વેચાણ કિંમત તથા બજાર કિંમત (સ્થાનિક ભાષામાં વાલન) વચ્ચેનો તફાવત ખુબ જ વધી ગયો. શનિવારે રાત્રે ચાંદીના વેપારીઓએ એક કટોકટી બેઠક બોલાવી હતી જેમાં ૪૪ વેપારીઓએ પોતાની લોન ચુકવવામાં અસમર્થતા સ્વીકારી, આ આર્થિક આંચકાની અસર માત્ર રાજકોટ સુધી સિમિત ન રહી પરંતુ અમદાવાદ, ઈન્દોર અને દુબઈ જેવા શહેરોમાં પણ ફેલાઈ ગઈ છે. જયાં સંબંધિત જવાબદારીઓની ગણતરી ચાલી રહી છે. કેટલાક વેપારીઓએ દુકાનો બંધ કરી દીધી છે. જયારે કેટલાક બજારમાંથી અચાનક ગાયબ થઈ ગયા છે. આ વચ્ચે દેશના વાયદા બજાર મલ્ટી કોમોડીટી એક્ષચેન્જ (એમસીએકસ) પર ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. બપોરે ૩.૧૫ કલાકે ચાંદી રૂપીયા ૧૪૦૨૨ થી ઘટીને રૂપીયા ૨,૩૬,૯૯૦ પર ટ્રેડ થઈ રહી હતી. ટ્રેડીંગ દરમિયાન ભાવ રૂપીયા ૧૮૭૮૪ થી ઘટીને રૂપીયા ૨,૩૨,૨૨૮ સુધી પહોચ્યા હતા. નોંધપાત્ર રીતે છેલ્લા ૩ વરસ ટ્રેડીગ દિવસોમાં ચાંદીના ભાવમાં રૂપીયા ૨૨ હજાર થી વધુનો ઘટાડો થયો છે. જયારે એક દિવસ પહેલા જ ભાવ રૂપીયા ૨.૫૦ લાખની સપાટી પાર કરી ગયા હતા.




# જુનાગઢના મેલેરીયા વિભાગના અધિકારીએ કરોડોની મિલ્કત વસાવીઃ મનપાના મેલેરીયા વિભાગના અધિકારી હરસુખ રાદડીયા સામે ગુન્હો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ભ્રષ્ટાચાર વિરોધી પગલાને વેગ મળ્યો છે. જુનાગઢ મહાનગરપાલિકાના મેલેરીયા વિભાગના અધિકારી હરસુખ રાદડીયા સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો એ અપ્રમાણસર મિલ્કતનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. હરસુખ રાદડીયા હાલ બાયોલોજીસ્ટ તરીકે ફરજ બજાવી રહ્યા છે. એસીબીની તપાસમાં બહાર આવ્યુ છે કે ૨૦૦૯ થી ૨૦૨૧ સુધીના ૧૨ વરસના સમયગાળામાં હરસુખ રાદડીયાએ તેમની કાયદેસર આવક કરતા ૬૨.૮ ટકા વધુ મિલ્કત વસાવી છે.

આ અપ્રમાણસર મિલ્કતનુ મુલ્ય આશરે રૂપીયા ૧.૭૪ કરોડ છે. આવક અને ખર્ચની વિગતવાર ચકાસણીમાં આ તથ્ય બહાર આવ્યુ છે. જેનાથી એસીબીના અધિકારીઓ પણ આશ્ચર્યચકીત થયા હતા. આ મામલાની શરૂઆત ૨ જુન ૨૦૨૦ માં મળેલી એક અરજીથી થઈ હતી. અરજીના આધારે એસીબીએ પ્રાથમિક તપાસ હાથ ધરી અને હરસુખ રાદડીયાના આવક જાવકનો હિસાબ ચકાસ્યો હતો. જેમાં તપાસમાં મિલ્કતોની વિગતો જોઈને અધિકારીઓ ચોકી ઉઠયા હતા. આ કેસમાં હવે વધુ તપાસ ચાલુ છે. જેમાં મિલ્કતોની જપ્તી અને અન્ય કાનુની કાર્યવાહીની શકયતા છે. ગુજરાતમાં એસીબીની કાર્યવાહીથી ભ્રષ્ટાચારીઓ પર અંકુશ આવી રહ્યો છે.

### હરસુખ રાદડીયા પાસે ૧.૭૪ કરોડની અપ્રમાણસર મિલ્કતઃ આવક અને ખર્ચની તપાસમાં ૬૨.૮ ટકા મિલ્કત હોવાનુ બહાર આવ્યું



# કમોસમી વરસાદમાં અસરગ્રસ્ત ૨૯ લાખ ખેડુતોને ૮૫૧૬ કરોડથી વધુ સહાય ચુકવાઈ

## કુલ ૨૯.૩૦ લાખ ખેડુતોને સહાય ચુકવાઈ : ૧૪.૧૮ લાખ મેટ્રીક ટન થી વધુ મગફળીની ખરીદી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ કૃષિ રાહત પેકેજ અને ટેકાના ભાવે ખરીદીની પ્રગતિની સમિક્ષા કરી હતી. જે અંગે વિગતો આપતા પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે ખુબ જ ટુંકા ગાળામાં બે અલગ અલગ ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા હતા.



પ્રવકતા મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આ બંને રાહત પેકેજ હેઠળ ખેડુતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૩૦ લાખ થી વધુ ખેડુતોના કુલ રૂપીયા ૮૭૧૦ કરોડના ઓનલાઈન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૨૯.૩૦ લાખ ખેડુતોને કુલ રૂપીયા ૮૫૧૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચુકવવામાં આવી છે. વધુમાં પ્રવકતા મંત્રીએ રાજયમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ચાલી રહેલ ખરીદીની વિગતો આપતા કહ્યુ હતુ કે અત્યાર સુધીમાં રાજયમાં ૬.૭૯ લાખ થી વધુ ખેડુતો પાસેથી રૂપીયા ૧૦૬૯૮ કરોડ થી વધુના મુલ્યના કુલ ૧૪.૯૧ લાખ મેટ્રીક ટન થી વધુ જથ્થાની ખરીદી કરવામાં આવી છે. જેની સામે અત્યાર સુધીમાં ૪.૧૬ લાખ થી વધુ ખેડુતોને કુલ રૂપીયા ૬૫૭૩ કરોડથી વધુનુ ચુકવણુ કરવામાં આવ્યુ છે. જે અંતર્ગત આજ સુધીમાં રાજયના ૬.૨૬ લાખ થી વધુ ખેડુતો પાસેથી રૂપીયા ૧૦૩૦૦ કરોડથી વધુના મુલ્યની કુલ ૧૪.૧૮ લાખ મેટ્રીક ટન થી વધુ મગફળીની ખરીદી કરાઈ છે. જેની સામે અત્યાર સુધીમાં ૩.૮૯ લાખ ખેડુતોને કુલ રૂપીયા ૬૩૬૨ કરોડથી વધુની રકમ સીધી તેમના બેંક ખાતામાં ચુકવી દેવામાં આવી છે.

# દેલા ગ્રામ પંચાયત દ્વારા ગામની બે હજાર પરિવારોને પીવાના પાણીથી વંચિત રખાયા

### મહેસાણા જિલ્લાના કડી તાલુકાની દેલા ગ્રામ પંચાયતના કાયમી તલાટી પરિમલભાઈ અને ઈનચાર્જ તલાટી કોમલબેન દેસાઈ તથા કરીમ ખાન નૂર ખાન નામના ઈસમ વિરુદ્ધ કાર્યવાહી કરવા મુખ્યમંત્રીને અરજી કરાઈ

(કરસન સોલંકી) અમદાવાદ,તા.૧

મહેસાણા જિલ્લાના કડી તાલુકાની દેલા ગ્રામ પંચાયતના કાયમી તલાટી પરિમલભાઈ અને ઈનચાર્જ તલાટી કોમલબેન દેસાઈ તથા દેલા ગામમાં પાણીની ટાંકી માંથી ગ્રામજનોને પીવાનું પાણી પૂરું પાડવા માટે નિમણૂક કરેલ કરીમ ખાન નૂર ખાન નામના ઈસમની આંખ આડા કરવાની બેદરકારીને કારણે ૨૦૦૦ પરિવારની વસતિને વર



નવેમ્બર ૨૦૨૫ માં ૭ દિવસ અને ડિસેમ્બર તારીખ ૨૮, ૨૯, ૩૦ અને ૩૧ સુધી પીવાના પાણીથી વંચિત રાખવા માં આવ્યા છે. તેવો આક્ષેપ કરતી અરજી મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ , પંચાયત મંત્રી અને મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી તથા કડી તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવી છે.

અરજીકર્તાએ વધુમાં જણાવ્યું છે કે દેલા ગ્રામ પંચાયતના કાયમી તલાટી પરિમલભાઈ અને ઈનચાર્જ તલાટી કોમલબેન દ્વારા નોકરીએ રાખેલ કરીમ ખાન નૂર ખાન નામના ઈસમની બેદરકારીને કારણે ગામની પાણીની ટાકી માંથી પાણી ઓવર ફ્લો થઈને ખાડામાં ભરાઈને વેડફાઈ રહ્યું છે. ગ્રામજનો મજબૂર બનીને કારણે ટાંકી પાસેથી પાણી ભરી ખભે ઉચકીને લઈ જવાની હાલાકી ભોગવી રહ્યાં છે.

અરજીકર્તાએ વધુમાં કહ્યું છે કે દેલા ગામની વિકટ પાણીની સમસ્યા ઉકેલવા ગ્રામજનોની રૂબરૂ મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ અને પંચાયત મંત્રીને મળી મહેસાણા જિલ્લાના કડી તાલુકાની દેલલા ગ્રામ પંચાયતના કાયમી તલાટી પરિમલભાઈ અને ઈનચાર્જ તલલાટી કોમલબેન દેસાઈ તથા કરીમ ખાન નૂર ખાન નામના ઈસમની વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરી બદલી કરવા રજૂઆત કરવામાં આવશે.

# ભાજપની દુ:ખતી નસ જાણી ગયેલી કોંગ્રેસ હવે ભાજપના ગઢમાં ગાબડુ પાડવા કોંગ્રેસ તૈયાર: ૧૦૯૦ જિલ્લા પંચાયત સીટ માટે ઘડયો જબરદસ્ત પ્લાન

### ૧ જાન્યુઆરીથી મહાજનસંપર્ક અભિયાનનો પ્રારંભ : પ્રજાના સુચનોથી બનશે જનતાનો મેની ફેસ્ટો અને વિઝન ડોકયુમેન્ટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપની દુ:ખતી નસ જાણી ગયેલી કોંગ્રેસ હવે ભાજપના ગઢમાં ગાબડુ પાડવા તૈયાર થઈ છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણી અગાઉ ગુજરાત કોંગ્રેસે મતદારોને રીઝવવા માટે કમરકસી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ પક્ષની આગામી રણનીતી જાહેર કરતા જણાવ્યુ હતુ કે નવા વર્ષની શરૂઆત સાથે જ એટલે કે આજે તારીખ ૧ જાન્યુઆરીથી રાજયભરમાં ભવ્ય મહાજનસંપર્ક અભિયાન શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત પક્ષમાં લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તેવા ધરખમ ફેરફારો અને નવા પ્રદેશ માળખાની જાહેરાત પણ જાન્યુઆરી મહિનાના



અંત સુધીમાં કરી દેવાશે. હ્યુજરાત કોંગ્રેસ દ્વારા ચુંટણીલક્ષી તૈયારીઓના ભાગરૂપે એક વિશેષ એકશન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. અમિત ચાવડાના જણાવ્યા મુજબ નવા વર્ષના પ્રથમ દિવસથી જ રાજયની ૧૦૯૦ જિલ્લા પંચાયત અને ૫૨૦૦ તાલુકા પંચાયત બેઠકો પર કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો પહોચશે. અહીં જનસંવાદ કાર્યક્રમો યોજીને ગ્રામિણ સ્તરે લોકોની સમસ્યાઓ સાંભળવામાં આવશે અને સરકારની નિષ્ફળતાઓ લોકો સુધી પહોચાડવામાં આવશે. આ વખતે કોંગ્રેસે પોતાની પરંપરાગત રીત બદલીને પ્રજાલક્ષી અભિગમ અપનાવ્યો છે. પક્ષ દ્વારા ચુંટણી ઢંઢેરો એટલે કે મેની ફેસ્ટો તૈયાર કરવા માટે સામાન્ય જનતાનો મત લેવામાં આવશે. રાજયના ૧૭ જેટલા મહાનગરોમાં કોંગ્રેસ આપના દ્વાર અભિયાન અંતર્ગત ઘરે ઘરે જઈને લોકોને કેવુ શહેર જોઈએ છે તે અંગેના સુચનો માંગવામાં આવશે, સફાઈ, ગટર, રોડ રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓ અંગે લોકોના અભિપ્રાય લીધા બાદ જ વિઝન ડોકયુમેન્ટ તૈયાર કરવામાં આવશે. સંગઠનને મજબુત બનાવવા માટે કોંગ્રેસ દ્વારા સંગઠન સૃજન અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે. અગાઉ તાલુકા અને જિલ્લા કક્ષાએ પ્રમુખોની નિમણુંક કર્યા બાદ હવે પ્રદેશ કક્ષાના માળખામાં મોટા ફેરફારો તોળાઈ રહ્યા છે. પ્રદેશ પ્રમુખે સ્પષ્ટતા કરી છે કે બાકી રહેલી મહત્વની નિમણુંકો અને પ્રદેશ સંગઠનનુ નવુ લીસ્ટ જાન્યુઆરીના અંતિમ સુધીમાં જાહેર કરી દેવામાં આવશે. શહેરી વિસ્તારોમાં સત્તાધારી પક્ષ ભાજપ સામે મોરચો માંડવા કોંગ્રેસે રણનીતી ઘડી છે. કથિત ભ્રષ્ટાચાર અને ગેરવહિવટને ખુલ્લો પાડવા માટે વોર્ડ દીઠ જનમંચ કાર્યક્રમો યોજાશે. તંત્રની બેદરકારીથી પીડીત લોકોને સાથે રાખીને કોંગ્રેસ દ્વારા જન આક્રોશ પદયાત્રા યોજવામાં આવશે. જેથી નાગરીકોના ટેક્ષના પૈસાનો વેડફાટ અટકાવી શકાય અને તેમનો અવાજ બુલંદ કરી શકાય.

# મંત્રી કૌશિક વેકરીયાએ પ્રજાના કામો કરવાની સાથે સાથે બંગલે જમવાની વ્યવસ્થા ઉભી કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ભુપેન્દ્ર પટેલની સરકારના કેટલાક મંત્રીઓ સોમવાર મંગળવારે આવતા નથી, તો કેટલાક આવે છે અને તે પણ મીટીંગોમાં વ્યસ્ત રહેતા હોવાની બુમરોળ ઉઠવા પામી છે.

આ બુમરોળની વચ્ચે એક એવા નવ યુવાન મંત્રી કૌશિક વેકરીયા કે જેઓ પ્રજાને સામેથી પુછી પ્રજાના કામો કરી રહ્યા છે. એટલુ જ નહી આ મંત્રી કૌશિક વેકરીયાએ તો અતિથિ દેવો ભવઃ નુ સુત્ર અપનાવી મતવિસ્તારના લોકો માટે પોતાના બંગલે રસોડુ ઉભુ



કરી જમવાની વ્યવસ્થા કરી છે. સરકારના કેટલાક મંત્રીઓ તો પ્રજાના કામો કરવા માટે દુર દુર ભાગી રહ્યા છે. તો કેટલાક મંત્રીઓને અધિકારીઓ નિયમોના પાઠ ભણાવતા હોવાને કારણે પ્રજાના કામો થતા નથી. ત્યારે આ નવયુવાન મંત્રી કૌશિક વેકરીયાએ જાણે પ્રજાના કામો કરવાની નેમ લીધી હોય તેમ મોડે મોડે પણ કોઈ મુલાકાતી મારે ત્યાંથી કામ કરાવ્યા વગર ન રહી જાય તેમ પટાવાળાને સામેથી પુછે છે કે કોઈ મુલાકાતી હોય તો અંદર મોકલો,

મંત્રી કૌશિક વેકરીયા મોદી અને અમિત શાહની ગુડબુકમાં આવી જતા મંત્રીએ તો આવનારી વિધાનસભાની ચુંટણીઓમાં ટીકીટ ની સાથે સાથે કેબિનેટમાં મંત્રીપદ મળે તેવી એક છબી ઉભી કરી દીધી છે.

# ગુજરાતમાં ૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની થશે રચના: સાબરકાંઠા બેંકનુ વિભાજન કરી અરવલ્લી જિલ્લામાં, પંચમહાલ બેંકનુ વિભાજન કરી દાહોદ જિલ્લામાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર ખાતે આજે બુધવારે મળેલી કેબિનટની બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં ગુજરાતમાં ૯ નવી મધ્યસ્થ સહકારી બેંકોની રચનાને મંજુરી આપવામાં આવી છે. આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રવકતા મંત્રીએ જણાવ્યુ હતુ કે કેન્દ્ર સરકારે દેશના તમામ જિલ્લાઓમાં ગ્રામ્ય સહકારી બેંકોનો વ્યાપ વધારવાનો મકકમ નિર્ધાર કર્યો છે.

આ પહેલના ભાગરૂપે નાબોર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સહકારીતા મંત્રાલયને એપ્રોચ નોટ રજુ કરવામાં આવી હતી. આ નોટ




માં ગુજરાતમાં પણ નવી ૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો તેવુ મંત્રીએ કહ્યુ હતું. મંત્રી જીતુ વાઘાણીએ વધુમાં કહ્યુ હતુ કે ભારત સરકારના દિશા નિર્દેશ હેઠળ આજે બુધવારે મળેલી કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજયમાં ખેડુતો અને ગ્રામીણ નાગરીકોની સુવિધામાં વધારો કરવા માટે આ નવી ૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપી છે. આ નિર્ણયથી છેવાડાના ખેડુતોને ધિરાણ મેળવવામાં સરળતા રહેશે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે.

રાજયની વર્તમાન સહકારી બેંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના થશે. જેમાં પંચમહાલ બેંકના વિભાજનથી દાહોદ જિલ્લામાં, સાબરકાંઠા બેંકના વિભાજનથી અરવલ્લી જિલ્લામાં, સુરત બેંકના વિભાજનથી તાપી જિલ્લામાં, વડોદરા બેંકના વિભાજનથી છોટા ઉદેપુર જિલ્લામાં, જામનગર બેંકના વિભાજનથી દેવભુમિ દ્વારકા જિલ્લામાં, જુનાગઢ બેંકના વિભાજનથી પોરબંદર જિલ્લામાં, ખેડા બેંકના વિભાજનથી આણંદ જિલ્લામાં તેમજ વલસાડ બેંકના વિભાજનથી ડાંગ અને નવસારી જિલ્લામાં નવી બેંકોની રચના થશે તેવુ મંત્રીએ કહ્યુ હતું. બેંકોની રચના માટે રાજય સરકાર હવે નાબોર્ડ મારફતે ભારતીય રીઝર્વ બેંક (આરબીઆઈ) ને આ અંગેની દરખાસ્ત મોકલશે અને આગળની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરશે તેવુ પણ મંત્રીએ કહ્યુ હતું.

# સૌરાષ્ટ્રના વાતાવરણમાં અચાનક પલ્ટો: ૪ જિલ્લામાં ભરશિયાળે તુટી પડયો વરસાદ



પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સૌરાષ્ટ્રના ૪ જિલ્લાઓમાં ભર શિયાળે વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો અને કમોસમી વરસાદ વરસ્યો હતો. પોરબંદર શહેર ના સુદામા ચોક, કમલાબાગ, છાંયા સહિતના વિસ્તારોમાં પવન સાથે જોરદાર કમોસમી વરસાદ વરસ્યો હતો. જેના કારણે અલગ અલગ વિસ્તારોમાં રોડ રસ્તાઓ પરથી પાણી વહેતા થયા હતા.

તો બીજી તરફ દેવભુમિ દ્વારકા જિલ્લામાં પણ માવઠુ થયુ હતુ, ખંભાળીયા અને કલ્યાણપુર પંથકના ગ્રામ્ય વિસ્તારો જેવા કે હંજરાપર, મોવાણ, સોનારડી, દાત્રાણા, નંદાણા, માં પવન સાથે વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને ખંભાળીયા તાલુકાના ગોઈજ અને ચુડેશ્વર ગામોમાં વરસાદી પાણી રોડ રસ્તા પર વહેતા જોવા મળ્યા હતા.

રાજકોટ જિલ્લામાં પણ વ્યાપક અસર જોવા મળી હતી. રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ, કાલાવડ ચોક, વિરાણી ચોક, ધર્મેન્દ્ર રોડ, જાગનાથ અને પંચનાથ સહિતના અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની વાત કરીએ તો ધોરાજીના ગેલેક્ષી ચોક, સ્ટેશન રોડ, જમનાવડ રોડ પર કાળા ડીંબાગ વાદળો સાથે ધીમે ધારે વરસાદ પડયો હતો.

ઉપલેટાના કાદી વિસ્તાર, રાજમાર્ગ, કટલેરી બજાર, સ્ટેશન રોડ તથા ગ્રામ્ય વિસ્તાર ડુમીયાણી, વાડલા, ઈસરા અને મુરખડામાં વરસાદી ઝાપટા પડયા હતા. આ ઉપરાંત પડધરી તાલુકાના જીવાપર, વિસામણ, પીઠડીયા, ખાખરા, જીલરીયા, ડાંગરા અને ફતેપર જેવા ગામો પણ માવઠાથી પ્રભાવિત થયા હતા. તો બીજી તરફ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કાનાલુસ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો પણ કમોસમી વરસાદ થી ભીંજાયા હતા. આમ સૌરાષ્ટ્રમાં અલગ અલગ જગ્યાએ થયેલા આ માવઠાને કારણે ખેડુતોમાં ભારે ચિંતા પ્રસરી છે. ભર શિયાળે ખેડુતોએ કરેલા રવી સિઝનના પાકોને આ કમોસમી વરસાદથી મોટુ નુકશાન થવાની ભીતી સતાવી રહી છે.

# કેન્દ્ર સરકાર હવે ઈલેકટ્રીક થ્રી વ્હીલર ઓટોરીક્ષાની સબસીડી આપવાની કરશે બંધ : ટુ વ્હીલરની યથાવત

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશમાં ઈ-વ્હીકલનો વ્યાપ વધારવા માટે કેન્દ્ર અને રાજય સરકારો દ્વારા પ્રોત્સાહન યોજના હેઠળ જે સબસીડી સહિતની જાહેરાતો પ્રધાનમંત્રી ઈ-ડ્રાઈવ યોજના હેઠળ જાહેર કરવામાં આવી હતી. તેમાં હવે થ્રી વ્હીલર ઓટો રીક્ષા માટે આ પ્રકારના પ્રોત્સાહન મળશે નહી. સરકારે ૨.૯૦ લાખ માટે કેન્દ્રીય સ્તરે સબસીડી આપવા માટે આયોજન કર્યુ હતું. જેની સામે ૨૯ ડીસેમ્બર સુધીમાં ૨,૮૮,૭૦૧ ઈ-રીક્ષા આ પ્રકારની સબસીડી હેઠળ વેચવામાં આવી છે.

જેના કારણે હવે વધારે ઈ-રીક્ષા (થ્રી વ્હીલર) ને કેન્દ્રીય સબસીડી મળશે નહી અને હવે આ પ્રકારના થ્રી વ્હીલર (રીક્ષા) ને સબસીડીનો લાભ આપવો કે કેમ તે નકકી કરાશે.

જો કે ટુ વ્હીલરમાં કેન્દ્ર સરકારે અંદાજે ૨૫ લાખ ટુ વ્હીલરને આ પ્રકારની સબસીડી યોજના હેઠળ લાવવાની જે યોજના હતી. તેમાં અત્યાર સુધીમાં ૧૮.૩૭ લાખ ટુ વ્હીલરને સબસીડી અપાઈ ચુકી છે. જેથી નવા ટાર્ગેટ સુધી તે ચાલુ રહેશે. ચાલુ નાણાંકીય વર્ષ માર્ચ ૨૦૨૫ ના અંત સુધીમાં ૨૩ લાખ ઈ-ટુવ્હીલરને આ પ્રકારની સબસીડી મળશે. જો કે દેશમાં કુલ પેટ્રોલ-ડીઝલ કેસ થી ચાલતા વાહનો સામે હજુ ઈ-ટુવ્હીલરનુ પ્રમાણ ઘણુ મોટુ છે અને કેન્દ્ર સરકાર ૨૦૩૦ સુધીમાં પુરી રીતે હળવા વાહનો ઈલેકટ્રીક પર ચાલે તે યોજના પર આગળ વધી રહી છે.

જેથી આગામી વર્ષના બજેટમાં નવા પેકેજની જાહેરાત થઈ શકે છે. રાજય કક્ષાએ આ પ્રકારના વાહનોના રજીસ્ટ્રેશન ચાર્જ વિગેરેમાં મુકિત આપવામાં આવે છે. જયારે કેન્દ્ર ઉત્પાદન સંબંધી પ્રોત્સાહન આપે છે.



દેશમાં ઓટો ઉદ્યોગ પણ હવે ઝડપથી તેની ઉત્પાદન લાઈનમાં ઈ-વ્હીકલની ક્ષમતાનો સર્વિસ સ્ટેશન પણ વધારી રહી છે.

# ગુજરાત પોલીસના કર્મચારીઓનો પગાર ગ્રાન્ટના અભાવે અટકયો: નવા વરસે જ પોલીસ કર્મીઓને પગાર નહી મળે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં પોલીસ વિભાગના કર્મચારીઓનો પગાર ગ્રાન્ટના અભાવે અટકયો છે. રાજયના ગૃહ વિભાગ દ્વારા પરીપત્ર જારી કરવામાં આવ્યો છે. પુરતી ગ્રાન્ટ ન હોવાને કારણે ડીસેમ્બર ૨૦૨૫ ના પગારબીલો નિયત સમય મર્યાદા ૨૩ ડીસેમ્બર સુધીમાં તીજોરી કચેરીમાં રજુ કરી શકાયા નથી.

જો કે આ વિલંબ પાછળ વહિવટી બેદરકારી જવાબદાર હોવાનુ મનાય છે. ગ્રાન્ટ રીલીઝ કરવામાં થયેલી વિલંબીત પ્રક્રિયા સામે પોલીસબેડામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં નાગરીકોની સુરક્ષા માટે રાત દિવસ એક કરતા પોલીસ જવાનોના પગાર માટે ગ્રાન્ટ




ખુટી પડી છે. ગૃહ અને પોલીસ વિભાગના એક પત્રએ પોલીસ કર્મચારીઓ પ્રત્યેની સંવેદનશીલતા સામે સવાલો ઉભા કર્યા છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થા જાળવતા હજારો પોલીસ કર્મચારીઓને નવા વર્ષની શરૂઆતમાં પગાર થી વંચિત રહેવુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. સત્તાવાર પત્ર મુજબ પુરતી ગ્રાન્ટ ન હોવાને કારણે ડીસેમ્બર ૨૦૨૫ ના પગારબીલો નિયત સમય મર્યાદા ૨૩ ડીસેમ્બર સુધીમાં તીજોરી કચેરીમાં રજુ કરી શકાયા નથી. આ વિલંબ પાછળ વહિવટી બેદરકારી જવાબદાર હોવાનુ મનાય છે. ગ્રાન્ટની આ અછતને કારણે તમામ પોલીસ કમિશ્નર અને રેન્જ કચેરીઓ, સીઆઈડી ક્રાઈમ, ઈન્ટેલીજન્સ અને રેલ્વે વિભાગ, હથિયારી એકમો અને એસસી આરબી ગાંધીનગર, તમામ જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીઓને નિયત તારીખે પગાર મળી શકશે નહી. ગુજરાત સરકાર જયારે કરોડોના ખર્ચે કાર્યક્રમોના આયોજનમાં વ્યસ્ત છે ત્યારે રક્ષકોને પોતાના પરીવારના ગુજરાન અને બેંકના હપ્તા ભરવા માટે પગારની રાહ જોવી પડશે.

# સાણંદના કલાણા ગામમાં જૂથ અથડામણને લઈ કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)સાણંદ

પોલીસે ખેતરમાં છુપાયેલા લોકોને ડ્રોનથી ઝડપ્યા છે અને CCTV વીડિયોના આધારે આરોપીઓની ઓળખ કરવામાં આવી છે, પથ્થરમારો કરનારા લોકો સગીર હોવાની આશંકા પણ સેવાઈ રીહી છે, સાણંદ GIDC પોલીસે ક્રોસ ફરિયાદ નોધી કાર્યવાહી હાથ ધરી છે. સાણંદના કલાણા ગામમાં થયેલ જૂથ અથડામણને લઈ ગામમાંથી ૫૨ શંકાસ્પદ લોકોને રાઉન્ડ અપ કરાયા છે અને બન્ને પક્ષના લોકો ખેતરોમાં છુપાયા હતા જેમને ડ્રોનની મદદથી ઝડપવામાં આવ્યા છે અને પથ્થરમારો કરનારા મોટા ભાગે સગીર હોવાની આશંકા છે.

સાણંદ GIDC પોલીસે ક્રોસ ફરિયાદ નોધી કાર્યવાહી હાથ ધરી છે અને બીજા દિવસે પણ કલાણા ગામમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.આ જીવલેણ હુમલામાં ધાબે ચડીને અનેક લોકો એકબીજા પર પથ્થરમારો કર્યો હતો. જે બાદ સમગ્ર ગામને પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયુ છે. ઘટનાની ગંભીરતા જોતાં SP અને DySP સહિતનો પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. સ્થિતિને કાબૂમાં લીધા બાદ પોલીસે તોફાન મચાવનારા તત્વોને પકડવા ડ્રોનની મદદ લીધી છે જેમાં ૫૦થી વધુ લોકોની અટકાયત કરી છે.

પોલીસે બનાવ સ્થળની આસપાસ ગામમાં લાગેલા સીસીટીવી કેમેરાના DVR પણ કબજે કરી તોફાનો તત્વોની તપાસ શરુ કરી છે.સોમવારે રાત્રે સાણંદ તાલુકાનાં કલાણા ગામે નજીવી બાબતે બે જૂથ વચ્ચે લાકડી તેમજ પથ્થરો વડે સામ-સામે હુમલો થતાં સમગ્ર ગામમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ થવા પામી હતી. બનાવની જાણ પોલીસ ને થતાં તુરત જ પોલીસની ટીમે સ્થિતિને કાબુમાં લઈ ૪૦ લોકોની અટકાયત કરી હતી.